RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily)

દૈનિક

prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 4 * Issue No. 141 *Date: 22.03.2018 * Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## વિવિધતા

### આ છે સલામત ગુજરાત!?,રોજના ૩ ખૂન અને ૧૮ આત્મહત્યા!

ગાંધીનગર,તા.૨૧

સબસલામતની ગુલબાંગો વચ્ચે રાજ્ય રક્તરંજીત થયું છે. ગુજરાત વિધાનસભામાં સરકારે કબૂલાત કરી છે કે રાજ્યમાં દરરોજ અંદાજે ૩ હત્યાના બનાવ બને છે તો ૩ હત્યાના પ્રયાસ અને ૧૮ આત્મહત્યાનો બનાવો બને છે. સરકારના આંકડા પ્રમાણે રાજ્યમાં દરરોજ ત્રણ હત્યા, ત્રણ હત્યાના પ્રયાસના બનાવ બને છે, તેમજ દરરોજ ૧૮ લોકો આત્મહત્યા કરે છે. છેલ્લા બે વર્ષમાં ૨,૨૧૧ હત્યા થઈ હતી. આ ઉપરાંત હત્યાના પ્રયાસના ૨,૨૧૫ ગુના નોંધાયા હતા. આત્મહત્યાની વાત કરીએ તો બે વર્ષમાં રાજ્યમાં ૧૨,૭૫૮ લોકોએ આત્મહત્યા કરી હતી. હત્યામાં ડાયમંડ સિટી સુરત મોખરે છે. સુરતમાં ૨૬૭ ખૂન અને ૨૧૮ જીવલેણ હુમલા થયા હતા. તો અમદાવાદમાં ૨૪૧ ખૂન અને ૨૯૫ જીવલેણ હુમલા થયા હોવાની સરકારે કબૂલાત કરી છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉત્તમ હોવાની બાબતને સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા પોલ ખોલી રહ્યા છે. ગુજરાત પોલીસતંત્ર તેરી ભી ચૂપ અને મેરી ભી ચૂપની નીતિ અપનાવી રહ્યું છે. મલાઈ શા માંથી મળશે એ જ કેસમાં પોલીસ હાથ નાખે છે. લાખો લોકો પોલીસ પ્રત્યે એક આશા રાખીને બેઠા હોય છે આમ છતાં પોલીસતંત્ર ચૂપચાપ તમાશો નીહાળે છે. ઉચ્ચ અધિકારીઓથી લઈને કોન્સ્ટેબલ સુધી ફરિયાદી કોણ અને આરોપી કોણ છે તે જોઈને તપાસની ગતિ અને દીશા આગળ વધારે છે. કાયદા અને વ્યવસ્થાની કથળતી સ્થિતિ વચ્ચે ઉત્તર પ્રદેશ અને બિહારના ઉદાહરણ અપાય છે પણ ગુજરાતની સ્થિતિ પણ કાયદો વ્યવસ્થા બાબતે ઉત્તમ નથી આ આંકડા સાબિત કરી રહ્યાં છે. છેલ્લાં છ મહિનામાં સમગ્ર રાજ્યમાંથી ૧૫૦૦થી વધારે લોકોએ આત્મહત્યા કરવા માટે કલેક્ટર કચેરીએ મંજૂરી માગી હોવાનો અંદાજ છે. તે મોટાભાગે સરકારની રાજકીય નિષ્ક્રિયતાના કારણે માગવામાં આવી છે. સમગ્ર ભારતમાં આ નવી પ્રથા શરૂ થઈ છે. પહેલાં સતી પ્રથામાં મહિલાઓ સળગી જતી હતી, હવે સરકાર લોકોના કામ કરતી ન હોવાથી લોકો જીવતાં અગ્નિદાહ કરી રહ્યાં છે. જે આત્મહત્યા કરવાની જાહેરાત કરે છે તેમના કામ ઝડપથી થઈ રહ્યાં છે તેથી નિષ્ફળ સરકારમાં સફળ બનવા લોકો આવી ખતરનાક ખેલ ખેલી રહ્યાં છે. જોકે, છેલ્લાં બે વર્ષમાં અંગત, સામાજિક, લગ્નવિષયક, આર્થિક કારણે, ખેતીમાં નિષ્ફળતા જેવા કારણસર ૧૨,૭૫૮ લોકોએ આત્મહત્યા કરીને ગુજરાતની ભૂમિ છોડી દીધી છે. પ્રજાના પ્રશ્નો ઉકેલાતા ન હોવાથી રોજ ૧૮ લોકો પોતાની જાતને ખતમ કરીને ગુજરાત છોડી જવાનું પસંદ કરી રહ્યાં છે. આત્મહત્યા સૌથી વધારે થઈ રહી છે. તેની સામે હત્યા થઈ રહી છે તે અંગે કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભામાં સરકારની પોલ ખોલતા પ્રશ્નો પૂછ્યા હતા.

### વધુ એક બેંકિંગ કૌભાંડ સપાટી પર આવતા ખળભળાટ

# કનિષ્ક ગોલ્ડની ૧૪ બેંકની સાથે ૮૨૪ કરોડથી વધુની છેતરપિંડી

## સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ જ્વેલરી ચેઈન કનિષ્ક ગોલ્ડ સામે ફરિયાદ કરીને સીબીઆઈ તપાસની માંગ કરી :માલિક અને પ્રમોટર દંપત્તિ હાલ વિદેશમાં

ચેન્નાઈ,તા. ૨૧

પંજાબ નેશનલ બેંકમાં દેશના સૌથી મોટા લોન કૌભાંડની તપાસ વચ્ચે વધુ એક જ્વેલરી કંપનીનો બેંકિંગ કૌભાંડ સપાટી ઉપર આવતા ખળભળાટ મચી ગયો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા જ્વેલર ચેઈન કનિષ્ક ગોલ્ડ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૮૨૪.૧૫ કરોડના લોન ફ્રોડને લઈને સીબીઆઈ પાસેથી તપાસની માંગ કરી છે. કનિષ્કની રજિસ્ટર્ડ ઓફિસ ચેન્નાઈમાં છે. આના માલિક અને પ્રમોટર-ડિરેક્ટર ભૂપેશકુમાર જૈન અને નીતા જૈન છે. બેંકરોનું કહેવું છે કે, આ દંપત્તિનો સંપર્ક થઈ શક્યો નથી. એમ માનવામાં આવે છે કે, આ બંને હાલ મોરિશિયસમાં છે. સીબીઆઈએ હાલમાં એફઆઈઆર દાખલ કરી નથી. જે ૧૪ સરકારી અને ખાનગી બેંકોએ કનિષ્કને લોન આપી છે તેમાં એસબીઆઈ સૌથી આગળ છે. ૧૫મી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે લખવામાં આવેલા એક પત્રમાં એસબીઆઈએ કનિષ્ક પર રેકોર્ડમાં ફેરફાર કરવા અને રાતોરાત દુકાનો બંધ કરવાનો આક્ષેપ કર્યો છે. મૂળ રકમ ૮૨૪ કરોડ રૂપિયાની છે પરંતુ વ્યાજને જોડી દેવામાં આવે તો બેંકોને ૧૦૦૦ કરોડથી પણ વધુનું નુકસાન થઈ ચુક્યું છે. આની માહિતી સૌથી પહેલા એસબીઆઈએ ૧૧મી નવેમ્બર ૨૦૧૭ના દિવસે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને આપી હતી. જાન્યુઆરી સુધી બીજી બેંકોએ પણ રેગ્યુલેટરને છેતરપિંડી અંગે માહિતી આપી હતી. એસબીઆઈનું કહેવું છે કે, જ્વેલરે સૌથી પહેલા માર્ચ ૨૦૧૭માં વ્યાજ ચુકવણીમાં આઠ સભ્ય બેંકોમાં ડિફોલ્ટ કર્યો હતો. એપ્રિલ ૨૦૧૭ સુધી કનિષ્કે તમામ ૧૪ બેંકોને પેમેન્ટ રોકી દીધું હતું. પાંચમી એપ્રિલ ૨૦૧૭ના દિવસે સ્ટોક ઓડિટની શરૂઆત કરતી વેળા બેંકર્સ પ્રમોટરોનો સંપર્ક કરવામાં અસફળ રહ્યા હતા. ૨૫મી મે ૨૦૧૭ના દિવસે જ્યારે બેંકરોએ કનિષ્કની કોર્પોરેટ ઓફિસનો પ્રવાસ કર્યો ત્યારે ફેક્ટ્રી, શોરુમ બંધ હતા. ત્યાં કોઈ કામકાજ થઈ રહ્યું ન હતું. તે જ દિવસે ભુપેશ જૈને બેંકરોને પત્ર લખીને રેકોર્ડમાં ગેરરીતિ આચરી હોવાની કબૂલાત કરી હતી. મોડેથી જ્યારે બેંકરો બીજા શો રુમ ઉપર પહોંચ્યા ત્યારે જાણવા મળ્યું કે, આ તમામ પણ બંધ છે. મદ્રાસ જ્વેલર્સ એન્ડ ડાયમંડ મર્ચન્ટ એસોસિએશનના પ્રતિનિધિનું કહેવું છે કે, કંપની નુકસાનને સહન કરવાની સ્થિતિમાં ન હતી અને મે ૨૦૧૭માં જ બંધ કરી દેવામાં આવી હતી. એસબીઆઈના પત્રથી જાણવા મળ્યું છે કે, કનિષ્ક પર લોન ચુકવણી ૨૦૦૭થી બાકી રહી છે. સમય પસાર થવાની સાથે બેંકોએ કનિષ્ક માટે ક્રેડિટ લિમિટ અને વર્કિંગ કેપિટલ લોનની મર્યાદા વધારી દીધી હતી. એક પછી એક બેંકિંગ કૌભાંડ સપાટી ઉપર આવી રહ્યા છે. પંજાબ નેશનલ બેંક સાથે સંબંધિત ૧૨૦૦૦થી પણ વધુનો કાંડ સપાટી પર આવી ગયા બાદ વધુ કૌભાંડ ખુલતા રહ્યા છે. હાલના સમયમાં બેંકિંગ ક્ષેત્રની હાલત કફોડી બનેલી છે. પંજાબ નેશનલ બેંક કૌભાંડમાં મુખ્ય સુત્રધાર નિરવ મોદી અને મેહુલ ચોક્સી હાલ વિદેશમાં છે ત્યારે આ બેંકિંગ કૌભાંડમાં સામેલ દંપત્તિ પણ વિદેશમાં હોવાની વિગતો સપાટી ઉપર આવી છે. કનિષ્ક ગોલ્ડે ૧૪ બેંકો સાથે ૮૨૪.૧૫ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હોવાની વિગતો ખુલી છે. પંજાબ નેશનલ બેંક કૌભાંડમાં સીબીઆઈ અને ઈડી દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

## કિર્તીદાન ગઢવીના ડાયરામાં ફાયરિંગ કરનાર ૬ સામે ફરિયાદ

જુનાગઢ,તા.૨૧

જૂનાગઢમાં તાજેતરમાં યોજાયેલા એક લગ્ન સમારંભ દરમિયાન લોકડાયરામાં ૬ શખ્સોએ હવામાં ફાયરિંગ કર્યું હતું. એક તરફ કલાકારના મુખેથી ભજનના શબ્દો નિકળતા હતાં 'વાગે ભડાકા ભારી રે ભજનમાં વાગે ભડાકા ભારી રે...' ત્યારે બીજી તરફ ખરેખર હવામાં ધડાધડ ભડાકા થઈ રહ્યા હતાં. લગ્ન પ્રસંગે હવામાં ફાયરિંગની ઘટના તો ઘણીવાર સામે આવી છે જોકે આવું પહેલીવાર જોવા મળ્યું છે કે એક પછી એક હવામાં ફાયરિંગ થતું હોય. આ લગ્ન પ્રસંગનો વીડિયો વોયરલ થતાં સમગ્ર ગુજરાતમાં ચકચાર મચી ગઈ હતી. આ અંગે જાણ થતાં પોલીસ પણ હરકતમાં આવી છે અને તપાસનાં ચક્રોગતિમાન કરી ૬ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ દાખલ કરી છે. વીડિયો વાયરલ થતાં ગુજરાતમાં એક જ ચર્ચા હતી કે કિર્તીદાન ગઢવીના પોગ્રામમાં જોરદાર ફાયરિંગ થયું. જૂનાગઢનાં જોષીપરામાં રહેતા કાઠી દરબાર જસકુ કાઠીના ઘરે લગ્ન હતાં. લગ્ન નિમીત્તે ખલીલપુર ચોકડી સ્થિત રામવાડીમાં ડાયરાનું પણ આયોજન કર્યું હતું. જેમાં મહેમાનો, આગેવાનો, સાધુ સંતો તેમજ ઓડિયન્સની ઉપસ્થિતિમાં કિર્તીદાન ગઢવી પોતાના બુલંદ સ્વરમાં ભજન લલકારતા હતા.

### કર્ણાટકમાં રાહુલ દ્વારા આક્રમક ચૂંટણી પ્રચાર

## બાળકો મોદીથી વધુ માહિતી ધર્મ સંદર્ભે ધરાવે છે : રાહુલ



ચિકમંગલુર,તા. ૨૧

એક પછી એક રાજ્યોમાં પોતાના હાથમાંથી સરકાર નિકળી ગયા બાદ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી હવે ખુબ જ સક્રિય દેખાઈ રહ્યા છે. કર્ણાટક વિધાનસભાની ચૂંટણીને લઈને જોરદાર પ્રચાર રાહુલ ગાંધી હાલમાં કરી રહ્યા છે. રાહુલ ગાંધી રેલી અને રોડ શો ઉપરાંત સતત ધાર્મિક સ્થળોનો પ્રવાસ પણ કરી રહ્યા છે. આજે રાહુલ ગાંધી ચિકમંગલુર સ્થિત શ્રૃંગેરી મઠ પહોંચ્યા હતા. અહીં તેઓએ વેદ સ્કુલમાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. મોડેથી એક રેલીમાં રાહુલે શ્રૃંગેરી મઠમાં વિદ્યાર્થીઓ સાથે તેમની વાતચીતનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી તમામના હિતોને ધ્યાનમાં લઈ રહી છે. રાહુલે કહ્યું હતું કે અહીં મઠમાં ૧૪ વર્ષના બાળકો ધર્મના મામલામાં અમારા વડાપ્રધાન કરતા વધારે માહિતી ધરાવે છે. મોદી હંમેશા જુઠ્ઠાણુ ચલાવતા રહે છે. ચિકમંગલુરમાં જનસભાને સંબોધતા કહ્યું હતું કે, તેઓ શ્રૃંગેરી મઠમાં પહોંચ્યા હતા જે આદિ શંકરાચાર્યની કર્મભૂમિ છે. ત્યાં તેઓએ વિદ્યાર્થી સાથે વાતચીત કરી છે. ૧૪ વર્ષના એક વિદ્યાર્થીએ કહ્યું હતું કે, ધર્મ એટલે સત્ય અને સત્ય એટલે સત્યમેવ જયતે. બીજા વિદ્યાર્થીઓએ પણ આવી જ માહિતી આપી હતી. રાહુલે કહ્યું હતું કે, ૧૪ વર્ષના બાળકો અમારા વડાપ્રધાન કરતા વધારે માહિતી ધર્મના સંદર્ભમાં ધરાવે છે. રાહુલે કહ્યું હતું કે, મોદી જ્યારે અહીં આવ્યા હતા ત્યારે ભ્રષ્ટાચારની સામે વાત કરી હતી પરંતુ તે જ વખતે તેમના મંચ ઉપર ભાજપના જે નેતા હતા તે ભ્રષ્ટાચારના મામલામાં જેલની સજા ભોગવી ચુક્યા છે.

અમાથી ભાજપને મુખ્યમંત્રી પદના ઉમેદવાર પણ સામેલ છે. રાહુલ ગાંધીએ મંગળવારના દિવસે પણ મેંગ્લોરમાં રેલી અને રોડ શો યોજ્યા હતા. રાહુલે ગઈકાલે મોદી સરકાર પર આક્ષેપ કરતા કહ્યું હતું કે, મોદી સરકાર ખેડૂતોના દેવા માફ કરવાની વાત કરે છે પરંતુ અમીરોના દેવા માફ કરી દે છે.

ભેજ અને કલર ચુનાથી છુટકારો...

ઈટાલીયન માર્બલ-પેસ્ટ ડિઝાઈનર્સ




● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમીકલ છે.

● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.

● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી.

● દર વર્ષે કરાવવું પડતું નથી, પાંચથી દસ વર્ષે આરામથી ચાલે છે.

માર્બલ પેસ્ટ દરેક ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ

મો. ૯૭૨૪૫ ૯૮૮૮૬, ૯૯૮૩૮ ૧૦૩૦૮

બિરલા પુટ્ટી, કલર, ઓઈલ પેઈન્ટનું કામ ઓર્ડર મુજબ કરી આપવામાં આવશે.




Green Card for USA by EB 5 investor visa

NEWS OF GANDHINAGAR (DAILY)

USA #EB5Visa #Greencard

Call / Whats up No 09824653073

## તંત્રી સ્થાનેથી......

### એટ્રોસિટી એક્ટ પર સુપ્રીમનો ચુકાદો :કાયદો શોભાના ગાંઠિયા જેવો બનીને રહી જશે!!??

ભારતમાં સારા ઉદ્દેશથી બનાવેલા કોઈ પણ કાયદાનો દુરુપયોગ થાય એ બહુ સામાન્ય વાત છે. લોકો ન્યાયી રીતે કાયદાનો ઉપયોગ કરવાના બદલે પોતાના અંગત હિસાબો સરભર કરવા કે બીજા મલિન ઈરાદા પાર પાડવા આ કાયદાનો દુરુપયોગ કરે એવું ઢગલાબંધ કિસ્સામાં બનતું હોય છે. શીડ્યુલ્ડ કાસ્ટ/શીડ્યુલ ટ્રાઈબ (પ્રીવેન્શન ઓફ એટ્રોસિટીઝ) એક્ટના કિસ્સામાં પણ એવું જ થયું છે. રાજીવ ગાંધીની સરકાર હતી ત્યારે સંસદે આ કાયદો પસાર કરેલો. આ કાયદાનો ઉદ્દેશ દલિતો અને આદિવાસીઓને અછૂત ગણીને તેમના પર જે અત્યાચારો થાય છે તે રોકવાનો હતો. આપણે ત્યાં પોલીસ માલદારોનાં તળવાં ચાટે છે ને નાના માણસને તો ગણતી જ નથી તેથી દલિતો કે આદિવાસીઓ બિચારા પહેલાં પોલીસ સ્ટેશનના ધક્કા ખાધા કરતા. આ સ્થિતિ બદલાય એટલે આ કાયદા હેઠળ ફરિયાદ થાય પછી તરત જ જેની સામે ફરિયાદ થઈ હોય તેની ધરપકડ કરવી ને તેને સરળતાથી જામીન ના મળે એ સહિતની જોગવાઈઓ આ કાયદામાં કરાયેલી. આ પ્રકારના કેસમાં આગોતરા જામીન મળે જ નહીં તેવી જોગવાઈ પણ કરાયેલી. શુભ ઉદ્દેશથી આ કાયદો પસાર કરાયેલો તેમાં શંકા નથી પણ પછી આ કાયદાનો દુરૂપયોગ કરાય છે તેવી ફરિયાદો શરૂ થઈ. ખરેખર અત્યાચારનો ભોગ બનેલા લોકોને ન્યાય અપાવવા માટે આ કાયદાનો ઉપયોગ કરવાના બદલે લોકોને દબડાવવા ને ડરાવવા તેનો ઉપયોગ થાય છે તેવી ફરિયાદો શરૂ થઈ. દલિતો ને આદિવાસીઓમાં પણ માથાભારે લોકો હોય જ. એ બધા એટ્રોસિટી એક્ટનો ઉપયોગ લોકોને ને ખંખેરવા માટે કરે છે તેવી ફરિયાદો પણ થઈ છે. સરકારી અધિકારીઓ પણ તેની ઝપટે ચડી જતા ને તેમને પણ બૂચ વાગી જતા. ઘણા અધિકારીઓ તો એટ્રોસિટી એક્ટની ઝપટે એવા ચડ્યા કે બિચારાની કરિયર જ પતી ગઈ. તેના કારણે એટ્રોસિટી એક્ટનો દુરુપયોગ થાય છે એવો કકળાટ વધતો જતો હતો ને છેવટે આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચેલો. સુપ્રીમ કોર્ટે મંગળવારે આ મામલે બહુ મોટો ચુકાદો આપ્યો. આ ચુકાદો બેધારી તલવાર જેવો છે ને તેના કારણે હરખાવું રે રડવું એ જ ખબર પડતી નથી. આ ચુકાદાના કારણે એક તરફ એટ્રોસિટી એક્ટનો દુરુપયોગ થવાના ને નિર્દોષોને પણ ફીટ કરીને કનડવાના ને ખંખેરવાના બનાવો બને છે તે બંધ થવાની આશા ઉભી થઈ છે. બીજી તરફ ભ્રષ્ટાચાર વધે ને આ કાયદો શોભાના ગાંઠિયા જેવો બનીને રહી જાય તેવો ખતરો પણ પેદા થઈ ગયો છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ થાય કે તરત જ એફઆઈઆર નોંધી દેવો ને જેની સામે ફરિયાદ થઈ હોય તેને ઉઠાવીને જેલમાં ધકેલી દેવો એવું ના થવું જોઈએ. તેના બદલે ફરિયાદ મળે પછી તેની પ્રાથમિક તપાસ થવી જોઈએ ને એ તપાસના અંતે લાગે કે, ફરિયાદમાં દમ છે તો જ એફઆઈઆર નોંધવાની. જો કે એફઆઈઆર નોંધાય એટલે પછી લોકોને ઉઠાવીને જેલમાં ધકેલી દેવાના એવું પણ નહીં. જેમની સામે આક્ષેપો થયા છે તેમની ભૂમિકા ચકાસ્યા પછી જ ધરપકડની ને એ બધી વિધિઓ કરવાની. આ ધરપકડ કરવા માટે પણ જિલ્લા પોલીસ વડા કે સિનિયર સુપરિટેન્ડેન્ટની મંજૂરી ફરજિયાત કરી દેવાઈ છે. આપણે ત્યાં તપાસના નામે ટાઈમ પાસ કરાતો હોય છે ને વાતને લટકાવી દેવાતી હોય છે એટલે સુપ્રીમ કોર્ટે એ ચોખવટ પણ કરી દીધી છે કે, આ તપાસ એક અઠવાડિયામાં તો પતી જવી જોઈએ. એટ્રોસિટી એક્ટમાં સૌથી વધારે ભેરવાઈ સરકારી અધિકારીઓ જતા હોય છે. સુપ્રીમ કોર્ટે તેમને પણ રાહત આપી છે ને તેમની નિમણૂક કરનાર સત્તામંડળની મંજૂરી મળે પછી જ તેમની ધરપકડ કરાય એ ચોખવટ કરી છે. અત્યાર લગી એવું ચલણ હતું કે, એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ થાય એટલે આગોતરા જામીન ના મળે. જેલમાં ગયે જ છૂટકો થાય. સુપ્રીમ કોર્ટે એટ્રોસિટી કાયદાની કલમ ૧૮નું અર્થઘટન કરીને એ ચોખવટ પણ કરી છે કે, કોઈ પણ ગુનામાં વ્યક્તિને આગોતરા જામીનનો હક છે જ ને આ કેસમાં પણ નાગરિકોનો એ હક ના છિનવી શકાય. એ જ રીતે કોઈ વ્યક્તિને જજ સામે રજૂ કરાય પછી તેને અટકાયતમાં રાખવો જરૂરી છે કે નહીં એ જજ નક્કી કરશે. જજને લાગે કે, આરોપીને જામીન આપવા જેવા છે તો જામીન આપી શકાશે. સુપ્રીમ કોર્ટે બીજી પણ ઘણી સ્પષ્ટતાઓ કરી છે ને એ બધાની વાત કરી શકાય એણ નથી પણ સુપ્રીમના આ ચુકાદાનો અર્થ એ થાય કે, એટ્રોસિટી એક્ટ આ દેશના બીજા કાયદા જેવા જ છે ને આ કાયદા હેઠળ ફરિયાદ થાય એટલે માણસ ફિટ થઈ ગયો એવું ના થવું જોઈએ. સુપ્રીમે પોતાની વાત સ્પષ્ટ કરવા માટે જે શબ્દો વાપર્યા છે તે બહુ મહત્ત્વના છે. સુપ્રીમનું કહેવું છે કે, કોઈ પણ કાયદો જ્ઞાતિવાદને પોષે ને લોકો એક જ્ઞાતિને ધિક્કારે એવું ના થવું જોઈએ. સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો ઐતિહાસિક છે ને એટ્રોસિટી એક્ટને લગતી ઘણી બધી ભ્રમણાઓ સુપ્રીમ કોર્ટે દૂર કરી છે. એટ્રોસિટી એક્ટ ૧૯૮૯માં બન્યો ત્યારથી તેની સામે કકળાટ ચાલુ થઈ જ ગયેલો કેમ કે આ એક્ટમાં એવી આકરી જોગવાઈઓ કરાયેલી કે એક વાર તેની અડફેટે ચડો એટલે લંબાતા જ જાઓ. વિરોધ કરનારા સીધો વિરોધ કરી શકે એમ નહોતા એટલે તેમણે એવો મુદ્દો ઉઠાવેલો કે, આપણ ત્યાં દલિતો પર અત્યાચાર સામે બીજા કાયદા છે જ પછી નવા કાયદાની જરૂર શું ? આ વાત ખોટી નહોતી પણ તકલીફ એ હતી કે એ બધા કાયદા જૂના હતા ને તેમાં એટલાં છીંડા હતાં કે દલિતો પર અત્યાચારો કરનારાનું કશું તોડી શકાતું નહોતું. આપણા બંધારણની કલમ ૧૭માં અસ્પૃશ્યતા નાબૂદ કરવાની જોગવાઈ છે જ ને તેમાં આ પ્રકારની તમામ પ્રથાઓ પર પ્રતિબંધ મૂકાયેલો છે. જો કે આ વાત સૈદ્ધાંતિક હતી ને બંધારણમાં અસ્પૃશ્યતા આચરનારને સજાની જોગવાઈની વાત નહોતી તેથી જવાહરલાલ નહેરુની સરકારે ૧૯૫૫માં અસ્પૃશ્યતા વિરોધી કાયદો બનાવેલો. આ કાયદામાં બહુ છીડાં હતાં તેથી દલિતોને કનડનારને કાંઈ થતું નહીં તેથી વારંવાર તેમાં સુધારા કરવા પડેલા. ૧૯૭૬માં આ કાયદાને નવું સ્વરૂપ આપીને માનવાધિકાર ભંગનો નવો કાયદો બનાવાયો. તેમાં અસ્પૃશ્યતાને આવરી લેવાઈ અને અસ્પૃશ્યતા આચરનારને સજાની જોગવાઈ કરાયેલી. જો કે તેમાં પણ એવી આકરી જોગવાઈઓ નહોતી કે જેના કારણે અસ્પૃશ્યતા અટકે તેથી દલિતો સતત કચવાટ વ્યક્ત કર્યા કરતા. રાજીવ ગાંધી ૧૯૮૫માં જંગી બહુમતીથી ચૂંટાયેલા પણ ખરાબ સંગતના કારણે બોફોર્સ કૌભાંડમાં ખરડાયા તેમાં તેમની આબરૂ ધૂળધાણી થઈ ગયેલી. ૧૯૮૯ની લોકસભા ચૂંટણી આવી ત્યાં લગીમાં દેશભરમાં કૉંગ્રેસ વિરોધી માહોલ હતો. એ વખતે રાજીવ ગાંધી જ્યાંથી મળે ત્યાંથી મત ઉસેટવાની વેતરણમાં હતા. તેની લ્હાયમાં ને લ્હાયમાં સુપ્રીમ કોર્ટનો શાહબાનો કેસનો ચુકાદો બદલીને કટ્ટરવાદી મુસ્લિમોના પગોમાં એ આળોટી ગયેલા. એ જ ક્રમમાં તેમણે દલિતો અને આદિવાસીઓને ખુશ કરવા આ કાયદો બનાવી દીધેલો ને એવી જોગવાઈઓ ઠોકી દીધી કે અડફેટે ચડનારને બૂચ જ વાગી જાય. એ વખતે જે સંજોગો હતા એ જોતાં આવો કાયદો જરૂરી હતો પણ આ કાયદાનો દુરુપયોગ થઈ શકે છે તેનો વિચાર એ વખતે નહોતો કરાયો. રાજીવ ગાંધી સરકારે આ કાયદો મતબેંક વાસ્તે બનાવેલો તેથી તેમને આવા વિચારો કરવાની જરૂર નહીં લાગી હોય પણ તેના કારણે આ કાયદો ચોટડૂક થઈ ગયો ને તેનો દુરુપયોગ થવા માંડ્યો તેમાં છેવટે સુપ્રીમ કોર્ટે એટ્રોસિટી એક્ટના દુરૂપયોગ પર લગામ મૂકવાની કોશિશ કરવી પડી છે. સુપ્રીમની આ કોશિશ કેટલી સફળ થાય છે તે ખબર નથી પણ આ ચુકાદાની એક આડઅસરને પણ અવગણી શકાય એમ નથી. આડઅસર કરતાં તો તેને ખતરો જ ગણી શકાય. આપણે ત્યાં પોલીસ તંત્રમાં બેઠેલા માણસો સંત પુરૂષો નથી ને એ લોકો સુપ્રીમના ચુકાદાને નામે એટ્રોસિટી એક્ટને સાવ નકામો કરી નાંખે એવું પણ બને. સુપ્રીમ કોર્ટે પૂરતી તપાસ કર્યા પછી જ એટ્રોસિટી એક્ટની ફરિયાદ કરવા ને ધરપકડ કરવા ફરમાન કર્યું તેનો ગેરલાભ લઈને એ લોકો વહીવટ કરતા થઈ જાય એવું પણ બને. પોલીસે ધરપકડો કરવા માટે સંબંધિત સત્તાવાળાની મંજૂરી લેવાની રહેશે એ અર્થઘટનોનો પણ ફાવતો અર્થ કરાય એવું બને. એવું થવા માંડે તો આ કાયદો નિરર્થક બની જાય એ ખતરો છે જ. આ ચુકાદાના કારણે ભ્રષ્ટાચાર થશે તેમાં મીનમેખ નથી ને તેના માટે શું થાય છે તે જોઈએ.

### આઈએસઆઈની શીખ યુવાનોને કટ્ટરપંથી બનાવવા પ્રયાસ

# આતંકવાદી હુમલા કરવા શીખ યુવાનોને ખાસ તાલીમ અપાઈ

### ભારતમાં આતંકવાદી ગતિવિધિને અંજામ આપવા પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ ખુબ જ સક્રિય : કેનેડા, અન્યત્ર રહેતા શીખ યુવાનોનો સંપર્ક

નવીદિલ્હી, તા. ૨૧

ભારતે કહ્યું છે કે, પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ શીખ યુવાનોને ભારતમાં હુમલા કરવા માટે તાલીમ આપી રહી છે. જેથી ભારત ઉપર શીખ આતંકવાદીઓ દ્વારા હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. ગૃહમંત્રાલય દ્વારા સોમવારના દિવસે સંસદીય પેનલને કહેવામાં આવ્યું હતું કે, આઈએસઆઈના સ્થળ પર આ યુવાનોને તાલીમ આપવામાં આવી રહી છે. ભારતમાં આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપી શકે તે માટે આ તૈયારી કરવામાં આવી રહી છે. એટલું જ નહીં કેનેડા અને અન્ય જગ્યા ઉપર રહેતા શીખ યુવાનોને પણ ભારતની સામે ભડકાવવામાં આવી રહ્યા છે. કેન્દ્રીય ગૃહ સચિવના નેતૃત્વમાં ગૃહ મંત્રાલયના ટોપના અધિકારીઓએ મૂલ્યાંકન કમિટિને કહ્યું છે કે, ઈન્ટરનેટ અને સોશિયલ મિડિયાનો ખોટો ઉપયોગ કરીને ત્રાસવાદીઓ યુવાનોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેમને ઉશ્કેરી રહ્યા છે. તેમને કટ્ટરપંથી માર્ગ ઉપર લઈ જવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. આ સ્થિતિ સરકાર માટે એક પડકારજનક સ્થિતિ તરીકે ઉભરી છે. સોમવારના દિવસે સંસદમાં રજૂ કરવામાં આવેલી કમિટિના રિપોર્ટમાં આ બાબત ઉપર ભાર મુકવામાં આવ્યો હતો કે, શીખ આતંકવાદીઓને લઈને ખુબ હિલચાલ જોવા મળી રહી છે. પંજાબ અને દેશના અન્ય ભાગોમાં શીખ આતંકવાદને ફરી સજીવન કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, પાકિસ્તાની આતંકવાદી સંગઠન ઉપર આઈએસઆઈના દબાણ છે અને પંજાબ જ નહીં બલ્કે ભારતના અન્ય રાજ્યોમાં હિંસા ફેલાવવા તેમના ઉપર દબાણ આવી રહ્યું છે. આઈએસઆઈ તરફથી આતંકવાદીઓ ઉપર દબાણ લાવવામાં આવી રહ્યું છે. આના માટે પાકિસ્તાનના શીખ ત્રાસવાદી સંગઠન કેદીઓ, બેરોજગારો, અપરાધીઓ અને તસ્કરોને આતંકવાદી ગતિવિધિ માટે તાલીમ આપવામાં આવી રહી છે. કમિટિના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, આ ગતિવિધિ પર કેન્દ્ર અને અન્ય સુરક્ષા સંસ્થાઓની ચાંપતી નજર હોવા છતાં આ ગતિવિધિને રોકવાની બાબત સરળ નથી. જ્યારે પણ જરૂર પડી છે ત્યારે આવી ગતિવિધિનો સામનો કરવા માટે સુરક્ષા દળો સજ્જ રહ્યા છે. કમિટિએ પોતાના રિપોર્ટમાં સૌથી મોટા પડકારનો પણ ઉલ્લેખ કર્યો છે અને કહ્યું છે કે, યુવાનોને કટ્ટરપંથી અને જેહાદી બનાવવા માટે ઈન્ટરનેટ અને સોશિયલ મિડિયાનો ખોટીરીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આને લઈને સરકાર ચિંતિત બની રહી છે. સોશિયલ મિડિયાના દુરુપયોગને રોકવા માટે પણ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. ગૃહ મંત્રાલય દ્વારા સંસદીય પેનલને કહેવામાં આવ્યું છે કે, ભારત હંમેશાથી પાકિસ્તાનના લશ્કરે તોઈબા અને જૈશે મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠનોના નિશાના ઉપર રહ્યું છે.

આ ઉપરાંત સિમી, અલ ઉમ્મા, ઈન્ડિયન મુઝાહીદ્દીન જેવા અન્ય ત્રાસવાદી સંગઠનો પણ ભારત ઉપર નજર રાખે છે અને તક મળતાની સાથે જ હુમલાને અંજામ આપે છે. આ આતંકવાદી સંગઠનોના ત્રાસવાદીઓ ઉપર બાજ નજર રાખવામાં આવી રહી છે. પહેલાથી જ ઘણા પડકારો હતા. હવે આતંકવાદી ગતિવિધિને રોકવા માટે વધારે પડકાર આવી ગયા છે. આતંકવાદને લઈને ભારતમાં પડકારો સતત વધી રહ્યા છે. બેરોજગારો અને અપરાધીઓને આતંકવાદી ગતિવિધિ માટે સૌથી વધારે પસંદ કરવામાં આવી રહ્યા છે.

## દૈનિક રાશીફળ

મેષ (અ,લ,ઈ) : જમીન-વાહન-મકાનનો યોગ. નાણાંકીય સ્થિતિ ઉત્તમ બને. આરોગ્ય સુખાકારી ઉત્તમ રહે.

વૃષભ (બ,વ,ઉ) : ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ, કુટુંબ સુખ ઉત્તમ મળે. નોકરીમાં લાભ થાય. ધંધાકીય નવું રોકાણ શક્ય બને.

મિથુન (ક,છ,ઘ) : નોકરીમાં લાભ, શેર બજારથી લાભ થાય, વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.

કર્ક (ડ,હ) : વાહન-મકાન સુખ ઉત્તમ, ભાગ્યોદય ઉત્તમ, નોકરી-ધંધામાં પ્રગતિ થાય. કુટુંબિક વાતાવરણ સુમેળ ભર્યું બને.

સિંહ (મ,ટ) : ધંધાનું આયોજન, સફળ બને. કુટુંબ સુખ ઉત્તમ વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. જમીન ખરીદી થઈ શકે.

કન્યા (પ,ઠ,ણ) : કુટુંબનો સહકાર મળે. વિવાહ લગ્ન સંબંધિ શુભ સમય, શુભ સમાચાર મળે. સામાજિક જવાબદારીમાં વધારો થાય.

તુલા (ર,ત) : માનસિક ચિંતા હળવી બને. વાહન-મકાનની ખરીદી થાય. સુખ ઉત્તમ મળે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે.

વૃશ્ચિક (ન,ય) : શારીરિક સુખ, ઉત્તમ, સંતાનસુખ સારું મળે. બુદ્ધિ-વિવેકથી કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

ધન (ભ,ધ,ફ) : રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હલવી બને. આકસ્મિક ધનલાભ. વાહન સુખ ઉત્તમ.

મકર (ખ,જ) : ધંધાનું આયોજન સફળ બને. શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ મળે. નાણાંકીય દૂર થાય.

કુંભ (ગ,શ,સ) : કુટુંબ સુખમાં વધારો થાય. શુભ સમાચાર મળે. નોકીર-ધંધામાં પ્રગતિ થઆય. આવકમાં વધારો થાય.

મીન (દ,ચ,ઝ,થ) : કુટુંબ તરફથી શુભ સમાચાર મળે. શેરબજારથી લાભ. વિવાહ - લગ્ન સંબંધી ઉત્તમ સમય.

### સોલંકીની પ્રવાસ રદ માટે હિમવર્ષાની દલીલ

# રાજીનામાનો વિવાદ : આખરે ભરતસિંહનો વિદેશ પ્રવાસ રદ

### ગુજરાત કોંગીમાં ભરતસિંહના રાજીનામાનો મુદ્દો ચર્ચાની એરણે : નવી નેતાગીરીને લઈને પણ ચાલી રહેલી અટકળો

અમદાવાદ,તા. ૨૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીના રાજીનામાના વિવાદ વચ્ચે તેમનો વિદેશ પ્રવાસ આખરે રદ થયો છે. અગાઉ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી પંદર દિવસના વિદેશ પ્રવાસે જવાના હતા પરંતુ રાજીનામાના મુદ્દા બાબતે કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોતે તેમની પાસેથી ખુલાસો પણ માંગ્યો હતો. બીજીબાજુ, આજે અચાનક પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી દ્વારા તેમનો વિદેશ પ્રવાસ રદ કર્યો હોવાની જાણકારી આપી હતી. જો કે, વિદેશ પ્રવાસ રદ કરવા પાછળના કારણમાં સોલંકીએ એવો બચાવ રજૂ કર્યો હતો કે, વિદેશમાં હાલ હિમવર્ષા અને બરફના તોફાનની પરિસ્થિતિ છે અને તેથી તેમણે પ્રવાસ રદ કર્યો છે. આ અંગે તેમણે ટવીટ્ પણ કર્યું હતું. ગુજરાત કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીના રાજીનામાનો વિવાદ હાલ ચર્ચાની એરણે છે. સ્થાનિક કાર્યકરોથી લઈ કોંગ્રેસના આગેવાન-નેતાઓમાં પણ નવી નેતાગીરીને લઈ અટકળો વહેતી થઈ છે. કોંગ્રેસ વર્તુળમાં ચાલતી ચર્ચા મુજબ, વિધાનસભા ચૂંટણીમાં પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારા પોતાના કહેવાતા માણસો વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં કૂણું વલણ દાખવવા બદલ કોંગ્રેસ હાઈકમાન્ડે સોલંકી પરત્વે ભારોભાર નારાજગી વ્યકત કરી હતી. એટલું જ નહી, આ સમગ્ર મામલે ભરતસિંહ વિરૂધ્ધ સ્થાનિક આગેવાનો દિલ્હી હાઈકમાન્ડ સુધી ફરિયાદ પણ કરી હતી. તાજેતરમાં પણ કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં ભરતસિંહે એઆઈસીસીના ડેલીગેટ્સની નિમણૂંકમાં તેમના માણસોને જ પ્રાધાન્યતા આપી હોવાની વાતને લઈને હાઈકમાન્ડ નારાજ થયું હતું. એવું મનાઈ રહ્યું છે કે, ઉપરોકત મુદ્દાઓને લઈ હાઈકમાન્ડ દ્વારા તેમને ઠપકો પણ અપાયો હતો, જેને લઈ તેમણે આખરે રાજીનામુ ધરી દીધુ હતું.

### કોંગ્રેસ પાર્ટીએ ભાજપ ઉપર વળતા આક્ષેપ કર્યા

# કેમ્બ્રિજ એનાલિટિકાને રોકવા માટેનો હવે ભાજપ પર આક્ષેપ

### ૨૦૧૦ની બિહાર ચૂંટણીમાં ભાજપે આ એજન્સીની સેવા લીધી હતી : રણદીપ સુરજેવાલાનો ભાજપ ઉપર આક્ષેપ

નવી દિલ્હી,તા. ૨૧

ભાજપે જે વિવાદાસ્પદ ડેટા ફર્મ સાથે કનેક્શનને લઈને કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યો છે તેમાં હવે નવો વળાંક આવી ગયો છે. કોંગ્રેસ પાર્ટીએ વળતા પ્રહાર કરતા કહ્યું છે કે, બ્રિટિશ એજન્સી કેમ્બ્રિજ એનાલિટિકાની ક્લાઈન્ટ કોંગ્રેસ પાર્ટી નહીં બલ્કે ભારતીય જનતા પાર્ટી છે. કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ એજન્સીની વેબસાઈટ પાસેથી મળેલી માહિતીના આધાર પર આ અંગેનો દાવો કર્યો છે અને કહ્યું છે કે, ૨૦૧૦ની બિહાર ચૂંટણીમાં ભાજપે આ એજન્સીની સેવા લીધી હતી. એ જ વખતે ભાજપના જેડીયુ સાથે ગઠબંધનની બાબત સપાટી ઉપર આવી હતી. અલબત્ત ભાજપે કોંગ્રેસના તમામ આક્ષેપોને ફગાવી દીધા છે. ભાજપે કહ્યું છે કે, ૨૦૧૦માં બિહાર ચૂંટણી દરમિયાન પાર્ટીએ આ એજન્સીની સેવા લીધી ન હતી. જો જેડીયુએ આ પાર્ટીની સેવા લીધી છે તો તેમની પાસે માહિતી નથી. થોડાક સમય પહેલા જ કાયદામંત્રી રવિશંકર પ્રસાદે કોંગ્રેસ પાર્ટીના આ એજન્સી સાથે સંબંધ હોવાની વાત કરી હતી. પ્રસાદે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ ૨૦૧૯ના ચૂંટણી પ્રચાર માટે બ્રિટિશ એજન્સી કેમ્બ્રિજ એનાલિટિકાને જવાબદારી સોંપી છે. તેના ઉપર લાંચ લેવા, સેક્સ વર્કરો મારફતે રાજનેતાઓને ફસાવવા અને ફેસબુકથી ડેટા ચોરી કરવાના ગંભીર આક્ષેપો લાગી ચુક્યા છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ચૂંટણી પ્રચાર દરમિયાન આજ સંસ્થાની સેવા લીધી હતી. સુરજેવાલાએ કહ્યું છે કે, ભાજપની ફેક ન્યુઝની ફેક્ટ્રીમાંથી આ એક નવી બાબત સપાટી ઉપર આવી છે. સુરજેવાલાએ કહ્યું હતું કે, ખોટા નિવેદનબાજી કરવાની, બનાવટી પત્રકાર પરિષદ યોજવાની ભાજપને ટેવ પડી ગઈ છે. રવિશંકર પ્રસાદ બિનજરૂરીરીતે આ પ્રકારના આક્ષેપો કરી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે, જે કંપની પર વિવાદ થયો છે તેના ઉપર ફેસબુકના આશરે પાંચ કરોડ યુઝરની માહિતી લીક થવાથી ફાયદો લેવાનો આક્ષેપ કરવામાં આવી ચુક્યો છે. કોંગ્રેસના પ્રવક્તાનું કહેવું છે કે, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષે ક્યારે પણ કેમ્બ્રિજ એનાલિટીકા કંપનીની સેવા લીધી નથી. સુરજેવાલાનું કહેવું છે કે, આ એક બોગસ એજન્ડા તરીકે છે. રવિશંકર પ્રસાદ ખોટી વાતો કરીને ગેરમાર્ગે દોરી રહ્યા છે. કોંગ્રેસના પ્રવક્તાનું કહેવું છે કે, નાના મોદી ભાગી જવાથી આ મુદ્દે સરકારને જવાબ આપવો ન પડે તે માટે આવી ગતિવિધિ ચલાવવામાં આવી રહી છે. અગાઉ રવિશંકર પ્રસાદે કોંગ્રેસ પર વળતા પ્રહાર કર્યા હતા. ભાજપે કહ્યું છે કે, કોંગ્રેસના આની સાથે કનેક્શન રહેલા છે. રવિશંકર પ્રસાદે કોંગ્રેસ પર સોશિયલ મિડિયા મારફતે ચૂંટણીને પ્રભાવિત કરવાના પ્રયાસ કરવાનો આક્ષેપ કર્યો છે. કેન્દ્રીયમંત્રીએ દાવો કર્યો હતો કે, બિનજરૂરીરીતે વિવાદ સર્જવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પોતાની સોશિયલ મિડિયા પ્રોફાઈલમાં કેમ્બ્રિજ એનાલિટિકાની ભૂમિકા સ્પષ્ટ કરવી જોઈએ. તેમણે કહ્યું હતું કે, ફેસબુક સહિત અન્ય સોશિયલ મિડિયાનો દુરુપયોગ કરીને ચૂંટણીને પ્રભાવિત કરવાની કોઈને મંજુરી આપવામાં આવશે નહીં. ફેસબુક પણ હાલમાં વિવાદના ઘેરામાં છે.

### બોલિવુડમાં ટકી રહેવા તમામ પ્રયાસ કરી રહી છે

# મોટા રોલ કરવાની હાલમાં ગૌહર ખાનની ખુબ ઈચ્છા

### સેક્સ સિમ્બોલ તરીકેની પોતાની છાપને લઈ ગૌહર સંતુષ્ટ



મુંબઈ,તા. ૨૦

મોડલિંગની દુનિયાથી લઈને હિન્દી ફિલ્મોસુધી તમામને પ્રભાવિત કરનાર મોડલ અને અભિનેત્રી ગૌહર ખાન બોલિવુડમાં ટકી રહેવા માટે તમામ પ્રયાસ કરી રહી છે. બોલિવુડમાં ચાલી રહેલી ગળા કાપ સ્પર્ધાને લઈને તે ચિંતિત નથી. સારા રોલ કરવા માટેની ઈચ્છા છે. હાલમાં ગૌહરે પોતાની કેટલક ઈચ્છા અંગે વાત કરી હતી. તે ખુબ જ આશાસ્પદ દેખાઈ રહી છે. તે પોતાની કેરિયરમાં ટીવી, થિયેટર અને ફિલ્મોમાં કામ કરી ચુકી છે. દરેક પ્રકારના રોલ પણ તે કરી રહી છે. તે એવી અભિનેત્રીઓમાં સામેલ છે જે લીકથી હટીને રોલ કરવામાં વિશ્વાસ રાખે છે. નિર્ણય લેવામાં પણ તે અન્યો કરતા વધારે સાવધાન રહે છે. સ્વતંત્ર વિચારધારા ધરાવતી ગૌહર મહિલાઓના અસલી સશક્તિકરણમાં વિશ્વાસ રાખે છે. રોકેટ સિંહ ફિલ્મમાં કામ કર્યા બાદ મુંબઈ છોડીને થિયેટર શો જંગુરા માટે ગુડગાવ જતી રહી હતી. ત્યાં તે ત્રણ વર્ષ સુધી રહી હતી. ગૌહર લખનૌ સાથે ખાસ સંબંધ ધરાવે છે. છેલ્લા થોડાક દિવસ પહેલા તે એક ફેશન સાથે સંબંધિત કાર્યક્રમમાં નજરે પડી હતી. તેનુ કહેવુ છે કે ઉત્તરપ્રદેશ સાથે તેમના ખાસ સંબંધ રહેલા છે. લખનૌમાં તે નિયમિત રીતે આવતી જતી રહે છે. તે ફેશન અને કોર્પોરેટ સાથે સંબંધિત કામો માટે આવતી રહે છે. તેનુ કહેવુ છે કે તેની પાસે સારી ફિલ્મોની ઓફર આવી રહી છે. રોકેટ સિંહ, ઈશ્કજાદે, બદ્રીનાથ કી દુલ્હનિયા અને બેગમજાન જેવી ફિલ્મો કરી ચુકેલી ગૌહરે કહ્યુ છે કે બેગમજાન ફિલ્મને તે વુમન સેન્ટ્રિક તરીકે ગણતી નથી. આ ફિલ્મ ઐતિહાસિક હતી. આ ફિલ્મ કેટલીક મહિલાઓની પટકથા હતી. તેનુ કહેવુ છે કે હવે મહિલા પ્રધાન ફિલ્મો બની રહી છે. જે સારી બાબત છે.

### સોશિયલ મિડિયા પર સૌથી વધારે સક્રિય રહી છે

# ઈશા ગુપ્તા સતત લાઈટમાં રહેવા બનતા પ્રયાસ કરે છે



મુંબઈ,તા. ૨૧

બોલિવુડમાં સેક્સ સિમ્બોલ તરીકે જાણીતી રહેલી અને મોટા ભાગે સોશિયલ મિડિયામાં પોતાના સેક્સી ફોટાઓ મુકીને ચર્ચામાં રહેનાર ઈશા ગુપ્તા લાઈમ લાઈટમાં રહેવા માટેના તમામ પ્રયાસો કરતી રહે છે. તેના ચાહકો પણ તેને સેક્સી રોલમાં જોવા માટે જ વધારે ઈચ્છુક રહે છે. ઈશા ગુપ્તા હાલમાં ઈન્સ્ટાગ્રામમાં કેટલાક નવા સેક્સી ફોટો મુકી ચુકી છે. જેના કારણે તે સતત ચર્ચામાં છે. તેના સેક્સી ફોટાની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. જ્વેલરી બ્રાન્ડ માટે પણ તે હાલમાં નવા ફોટા પડાવી ચુકી છે. જે તમામનુ ધ્યાન ખેંચી રહ્યા છે. ઈશા ગુપ્તા બોલિવુડ અને સાથે સાથે દક્ષિણ ભારતની ફિલ્મોમાં કામ કરી રહી છે. તેની પાસે ફિલ્મોની ઓફર આવી રહી છે. જો કે તેની પાસે મલ્ટીસ્ટારર ફિલ્મો વધારે આવી રહી છે. તે બાદશાહો, રૂસ્તમમાં પણ નજરે પડી હતી. હાલમાં પણ તેની પાસે કેટલીક સારી ફિલ્મો હાથમાં છે. ૩૨ વર્ષીય ઈશા ગુપ્તાએ બોલિવુડમાં પોતાની કેરિયરની શરૂઆત જન્નત-૨ ફિલ્મ મારફતે કરી હતી. આ ફિલ્મમાં તેની સાથે ઈમરાન હાશ્મીએ ભૂમિકા અદા કરી હતી. જાણકાર લોકો એમ પણ કહે છે કે ઈશા કોપિકર અને લારા દત્તા વચ્ચે મિશ્ર ચહેરા તરીકે ઈશા ગુપ્તા છે. કેટલાક લોકોનુ કહેવુ છે કે ઈશા ગુપ્તા હોલિવુડની બ્યુટીકવીન એન્જેલિના જોલી જેવી નજરે પડે છે. તેની જેવી જ ખુબસુરતી તેની પાસે રહેલી છે. જો કે આ કુશળ અભિનેત્રીને હજુ સુધી બોલિવુડમાં એટલી સફળતા મળી નથી જેટલી સફળતા તે બ્યુટી અને મોડલિંગના ક્ષેત્રમાં મેળવી ચુકી છે. મોડલિંગમાં તે ખાસ નામ ધરાવે છે. તેની પાસે સતત સારી બ્રાન્ડની જાહેરાતો આવતી રહે ચે. તેની રાજ-૩ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી.

## gujarati world

# વાદનો વિવાદ, વાસ્તવિકતાની તપાસ

સંસ્કૃત કહેણી એવી છે કે વાદે વાદે જાયતે તત્ત્વબોધ (વાદસંવાદમાંથી તાત્ત્વિક સમજ અને બોધ પેદા થાય છે) પણ રાજકીય વાદોમાંથી તત્ત્વબોધ ઓછો ને તકરારો વધારે પેદા થઈ. માણસ પહેલો કે વાદ? એ સદભાગ્યે 'પહેલી મરઘી કે પહેલું ઇંડું?' એવો સવાલ નથી. તેનો જવાબ સ્પષ્ટ છેઃ પહેલાં માણસ અને પછી વાદ. તેનો એક અર્થ એ કે વાદ કરતાં માણસ (માણસાઈના અર્થમાં) વધારે મહત્ત્વનો છે. બીજો અર્થઃ માણસે વાદ બનાવ્યો છે. માણસ કોઈ વાદ અપનાવવા જેટલો મોટો થાય ત્યાં સુધીમાં તેની મૂળભૂત પ્રકૃતિને અનેક પરિબળો ઘણી હદે ઘડી ચૂક્યાં હોય છે. એટલે, કોઈ પણ વ્યક્તિ પોતે અપનાવેલા વાદ જેટલી નહીં, પણ પોતાની મૂળભૂત પ્રકૃતિ જેટલી જ સારી કે ખરાબ હોય.

પણ એવું બનેઃ ચોક્કસ વાદ સાથે વ્યક્તિ પોતાની જાતને એટલી હદે સાંકળી લે કે વાદની મર્યાદાઓમાં વ્યક્તિની મર્યાદાઓ ઉમેરાઈ જાય. અને વાદ સર્વાંગસંપૂર્ણ હોય તો પણ, વાદીઓની મર્યાદાને લીધે તેની આબરૂમાં ઘસરકા પડે. જેમ કે, બ્રહ્મચર્યનો આગ્રહ ગાંધીવાદની સંભવતઃ સૌથી જાણીતી અને ટીકાસ્પદ બાબત ગણાય છે. એમાં વળી કોઈ દંભી કે અસ્વાભાવિક ગાંધીવાદી બ્રહ્મચર્યપાલક સાથે આપણો પનારો પડે, ત્યારે બ્રહ્મચર્યનો આગ્રહ પહેલાં લાગતો હોય એના કરતાં પણ વધારે અકારો લાગી શકે. કારણ કે, મૂળ સિદ્ધાંતની મર્યાદામાં તેના અનુયાયી હોવાનો દાવો કરનારાની વ્યક્તિગત મર્યાદા ભળી ગઈ હોય. ડાબેરીઓનો મિલકતની સમાન વહેંચણીનો આગ્રહ કોઈને આદર્શવાદી અને અવ્યવહારુ લાગતો હોય, તો માલદાર ડાબેરીના મોઢેથી એ આદર્શની વાત સાંભળ્યા પછી અકળામણ વધી શકે. રાષ્ટ્રવાદના નામે ચાલતું કોમવાદનું જમણેરી રાજકારણ આકરું લાગતું હોય. પણ જેમની ગુંડાગીરી વિશે ખાતરી હોય એવા કોઈ રાષ્ટ્રવાદ કે ગોરક્ષાની વાત કરે ત્યારે, એ મૂળ 'સિદ્ધાંત' કરતાં પણ વધુ અસહ્ય લાગે.

મતલબ, જેમ વાદના અનુયાયીઓ પોતાની મૂળભૂત તથા સંજોગોથી ઘડાયેલી પ્રકૃતિ કરતાં ઝાઝાં સારાં કે ખરાબ નથી હોઈ શકતાં, એવી જ રીતે વાદ પણ વ્યવહારમાં તેમના બહુમતી અનુયાયીઓની ખૂબીખામીઓ જેટલો જ સારો કે ખરાબ નીવડે છે.

ભારતના, ખાસ કરીને ભારતના ઉત્તર ભાગના, રાજકારણની વાત કરીએ તો, શરૂઆત કૉંગ્રેસના સર્વસમાવેશક રાજકારણથી થઈ હતી. કેમ કે, કૉંગ્રેસમાં ડાબેરી-જમણેરી બધાં પરિબળો-પ્રવાહો હતા. છતાં તેનું ચાલકબળ શંકા કે ધીક્કાર ન હતું. એટલે, ઘણા લોકો શુદ્ધ કોમવાદને બદલે દંભી બિનસાંપ્રદાયિકતાને નાનું દૂષણ ગણીને લાંબા સમય સુધી તેની સાથે સંકળાયેલા રહ્યા. પરંતુ સમય જતાં બિનસાંપ્રદાયિકતાની વાત કૉંગ્રેસ માટે જમણેરી પરિબળોનો રાજકીય વિરોધ કરવાનો ચૂંટણીનારો માત્ર બની ગઈ. 'અમને મત આપો. નહીંતર કોમવાદીઓ સત્તામાં આવી જશે.' એવા પ્રચાર હેઠળ પોતાની મોટી મર્યાદાઓ છુપાવવાની કોંગ્રેસને ટેવ પડી. કોમવાદ સામે તેનો આ વિરોધ રાજકીય અને સગવડીયો હતો. સામાજિક સ્તરે જમણેરી અંતિમવાદની સામે સર્વસમાવેશકતા-સર્વધર્મસમભાવ ફેલાવવા માટે કોંગ્રેસે જોશભેર પ્રયાસ ન કર્યા. 'આપણને ચૂંટણી જીતાડી આપે એટલા લોકો તો પ્રકૃતિગતરીતે મધ્યમમાર્ગી-કોમવાદવિરોધી રહેશે જ અને તેમના જોરે આપણે, આપમેળે (બાય ડીફૉલ્ટ) ચૂંટણી જીતી જવાના છીએ. તો મધ્યમ માર્ગને-સાચા સમભાવને દૃઢ બનાવવામાં મહેનત શા માટે કરવી?

બીજી તરફ, સામાજિક રીતે મધ્યમમાર્ગી વલણ ધરાવતા લોકોને કોંગ્રેસની નકલી-વોટબેંક્લક્ષી-અક્રિય બિનસાંપ્રદાયિકતા સામે વાંધો પડી જ શકે. પણ તેની પ્રતિક્રિયા તરીકે અસલી બિનસાંપ્રદાયિકતા ખપે કે કોમવાદ? કૉંગ્રેસની દંભી બિનસાંપ્રદાયિકતાની ટીકા કરતી વખતે આપણો વાંધો 'દંભી' સામે હોવો જોઈએ—'બિનસાંપ્રદાયિકતા' સામે નહીં. પરંતુ બન્યું તેનાથી અવળું. ભાજપ કાગળ પર અને ડાહ્યાંડમરાં નિવેદનોમાં ગમે તે કહે, તેના અને કોંગ્રેસ વચ્ચેના રાજકારણનો એક મુખ્ય તફાવત કોમવાદનો હતો. ભાજપે દંભી બિનસાંપ્રદાયિકતાના વિરોધ અને (તેની વ્યાખ્યા પ્રમાણેના) રાષ્ટ્રવાદની હિમાયતના નામે ખુલ્લેઆમ કોમવાદનું રાજકારણ આદર્યું. ત્યારે કોંગ્રેસની દંભી બિનસાંપ્રદાયિકતાથી દુઃખી ઘણા લોકો જાણે કે અજાણે કોમવાદી વિકલ્પના ખોળામાં જઈ પડ્યા.

એક રાજકીય વિકલ્પ તરીકે કોંગ્રેસના બદલે ભાજપને મત આપવો એક વાત છે અને ભાજપને તેના કોમવાદ સહિત સ્વીકારવો-રાષ્ટ્રવાદના અંચળા હેઠળના તેના કોમવાદી અભિગમનો બચાવ કરતા રહેવું- તેના હિમાયતી બનવું, તે બીજી વાત છે. કોંગ્રેસની જે કંઈ દંભી બિનસાંપ્રદાયિકતા છે તેનો વિરોધ સામાજિક સ્તરે સાચી બિનસાંપ્રદાયિકતા ઝંખીને અને બતાવીને થઈ શકે--પ્રગટ કે પ્રચ્છન્ન કોમવાદના તરફદાર બનીને નહીં.

જાડી સમજ લેખે કહીએ તો, કોંગ્રેસના વંશવાદ સામે કે દંભી બિનસાંપ્રદાયિકતા સામે કે તેના રાજમાં થયેલા ભ્રષ્ટાચાર સામે વિરોધ હોય એવી વ્યક્તિ ભાજપને મત આપે એ સમજી શકાય છે. પણ તે ભાજપના કોમવાદી એજેન્ડાની કે વડાપ્રધાન મોદીનાં સગવડીયાં અર્ધસત્યોની કે ઠાઠઠઠારા તળે છુપાયેલી કરુણ વાસ્તવિકતાઓની પણ પ્રેમી બની જાય, તેનો વિરોધ કરનાર વિરુદ્ધ ઝેર ઓકે, એ સમજી શકાય એવું નથી. તેમણે એ વિચારવાનું છે કે કોમવાદ (અથવા તથાકથિત રાષ્ટ્રવાદ) સિવાય બીજી કઈ બાબતમાં ભાજપ કોંગ્રેસથી અલગ છે? અને હા, કોંગ્રેસના ભ્રષ્ટાચારની સામે ભાજપની સ્વચ્છતાના દાવા કરનારાને વિનંતી કે વડાપ્રધાન મોદીએ જ્યાંથી 'ખાતો નથી અને ખાવા દેતો નથી'નું આભાસી સૂત્ર ઉભું કર્યું એ ગુજરાતમાં સરકારી તંત્રમાં ભ્રષ્ટાચારી કેવી સ્થિતિ છે, તેની જાણકાર માટે ગાંધીનગરના કોઈ અંદરના માણસને પૂછી જોજો. એ લખવા માટે સ્ટીંગ ઓપરેશન કરવાં પડે, પણ જાણવા માટે એવી જરૂર નથી. ઘણા લોકો પાસેથી અડધી ચાની સાથે એ માહિતી મેળવી શકાશે.

આ ચર્ચાનો આશય ધ્રુવીકરણને દૃઢ બનાવવાનો નહીં, પણ ફરી એક વાર બિનઝનૂની, 'મિશ્ર', સામાજિક રીતે મધ્યમમાર્ગી ઓળખ પાછી મેળવવાનો અને તેને દૃઢ બનાવવાનો છે. ચોતરફ ફુંકાયેલા ઓળખના ધ્રુવીકરણના વાવાઝોડામાં આપણે કોઈ એક પક્ષ સાથે છેડાછેડી બાંધી ન બેસીએ, તેના માનદ્ પ્રવક્તા બની ન બેસીએ, તેના મુગ્ધ અને એટલે જ આક્રમક બચાવકાર ન બની જઈએ, આપણે રોજિંદા જીવનમાં નરેન્દ્ર મોદી કે રાહુલ ગાંધી સાથે રહેવાનું નથી, એ યાદ રાખીએ.

સાદી વાત આટલી છેઃ માણસાઈ કરતાં વાદ મોટો છે, એવું તમે માનતા હો તો તમે 'વાદી' હો--ડાબેરી કે જમણેરી અંતિમવાદી હો-- એવી શક્યતા પૂરેપૂરી છે.

અને બધા વાદની ઉપર માણસાઈ, માનવીય પ્રેમ-હૂંફ અને સહઅસ્તિત્ત્વ એવું તમે માનતા હો તો તમે મધ્યમમાર્ગી, 'નૉર્મલ'ના અર્થમાં સામાન્ય માણસ છો. અંતિમવાદી નથી. એવા હોવા બદલ તમને અભિનંદન.

(ઉર્વિશ કોઠારી)

# ફેડ પોલિસી પરિણામ પૂર્વે શેરબજારમાં રિકવરી રહી

મુંબઈ,તા. ૨૧

શેરબજારમાં આજે રિકવરી રહી હતી. સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં ઉછાળો નોંધાયો હતો. ફેડરલ રિઝર્વના પરિણામ આજે જાહેર કરવામાં આવનાર છે. જેના ભાગરુપે તમામની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. વૈશ્વિક બજારોમાં હલચલ જોવા મળી હતી. ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કોઇ વધારો કરવામાં આવે છે કે કેમ તેના ઉપર રોકાણકારોની નજર કેન્દ્રિત થઇ છે. આજે કારોબારના અંતે સેંસેક્સ ૧૩૯ પોઇન્ટ રિકવર થઇ ૩૩૧૩૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૩૧ પોઇન્ટ રિકવર થઇને ૧૦૧૫૫ની સપાટીએ રહ્યો હતો. અમેરિકી સેન્ટ્રલ બેંક દ્વારા ગયા વર્ષે જણાવવામાં આવ્યું હતું કે, ૨૦૧૮માં ત્રણ વખત રેટમાં વધારો કરવામાં આવશે પરંતુ કેટલાક રોકાણકારો માની રહ્યા છે કે, ફિસ્કલ સ્ટીમ્યુલસ અને ફુગાવાના દબાણના સંકેતના લીધે વધુ એક વધારો કરવામાં આવી શકે છે. ગઈકાલે કારોબારના અંતે સેંસેક્સ ૭૪ પોઇન્ટ રિકવર થઇને ૩૨૯૯૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૦૧૨૪ની સપાટીએ રહ્યો હતો તેમાં ૩૦ પોઇન્ટની રિકવરી થઇ હતી. હાલમાં જારી કરાયેલા આંકડામાં વર્ષ ૨૦૧૭-૧૮ના ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથ રેટ ૭.૨ ટકા રહ્યો હતો. વર્ષ ૨૦૧૭-૧૮ના બીજા ત્રિમાસિક ગાળામાં જીડીપી દર ૬.૫ ટકા રહ્યો હતો. આ ત્રિમાસિક ગાળામાં સ્થાનિક અને અન્ય વૈશ્વિક કારણોસર દેશનો જીડીપી ગ્રોથ રેટ ઓછો રહેવાનો અંદાજ હતો. જીડીપી જુલાઈ-સપ્ટેમ્બરના ગાળામાં ૬.૩ ટકા સુધી રહ્યો હતો. એપ્રિલ-જૂનના ત્રિમાસિક ગાળામાં ૫.૭ ટકાની ત્રણ વર્ષની નીચી સપાટીએ રહ્યા બાદ જુલાઈ-સપ્ટેમ્બરના ગાળામા તેમાં ઉછાળો નોંધાયો હતો. તે પહેલા ૭.૫ ટકાનો આંકડો રહ્યો હતો. બજાર સાથે જોડાયેલા લોકો સંસદમાં ઘટનાક્રમ ઉપર પણ નજર રાખી રહ્યા છે. મોટા રાજકીય ઘટનાક્રમના ભાગરુપે ચંદ્રાબાબુ નાયડુના નેતૃત્વમાં ટીડીપી અને જગનમોહન રેડ્ડીના નેતૃત્વમાં વાયએસઆર કોંગ્રેસે મોદી સરકાર સામે અવિશ્વાસ દરખાસ્ત લાવવા તૈયારી કરી છે. આના લીધે રોકાણકારો સાવચેત બનેલા છે. શેરબજારમાં સતત ઉતારચઢાવના કારણે કારોબારીઓ હાલમાં મુડીરોકાણ કરવાની સ્થિતીમાં દેખાઇ રહ્યા નથી. કારણ કે રોકાણને લઇને કારોબારી સાવધાન રહેવા માંગે છે. હાલમાં બેકિંગ ક્ષેત્રોમાં મોટો ઘટાડો થઇ ચુક્યો છે. ગયા સોમવારના દિવસે રિટેલ ફુગાવો અથવા તો કન્ઝ્યુમર પ્રાઇઝ ઇન્ડેક્સ ઉપર આધારિત ફુગાવાના આંકડા જારી કરવામાં આવ્યા હતા. રિટેલ ફુગાવો ઘટીને ચાર મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હતો. રિટેલ ફુગાવો ૪.૪૪ ટકાની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. આવી જ રીતે હોલસેલ આધારિત ફુગાવાનો આંકડો ગયા બુધવારના દિવસે જારી કરવામાં આવ્યો હતો જે ફેબ્રુઆરી મહિનામાં ૨.૪૮ ટકા રહ્યો છે. હોલસેલ ઇંડા, માંસ અને ફિશના ફુગાવામાં ઘટાડો થયો છે.

### અમદાવાદના ૪, યુપીના શાર્પશૂટરોની સંડોવણી

# વિદ્યાપીઠ હત્યા કેસમાં મોટી સફળતા : ૫ શખ્સો ઝડપાયા

### પોલીસે અંતે લાખો રૂપિયાના હીરા, રોકડ રકમ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો : હજુ ત્રણ આરોપીઓ નાસતા ફરે છે

અમદાવાદ,તા. ૨૧

શહેરના આશ્રમરોડ પર ગુજરાત વિદ્યાપીઠ પાસેના પોશ એરિયામાં જાહેરમાં કેટલાક અજાણ્યા શખ્સો દ્વારા એક આંગડિયા પેઢીના કર્મચારીઓ દ્વારા પોઇન્ટ બ્લેન્ક રેન્જથી ફાયરીંગ કરીને મોતને ઘાટ ઉતારવાના ચકચારભર્યા પ્રકરણમાં શહેર ક્રાઇમબ્રાંચે ત્રણ શખ્સો અને ઉત્તરપ્રદેશના શાર્પશૂટર સહિત કુલ પાંચ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પોલીસે આરોપીઓ પાસેથી લાખો રૂપિયાના હીરા, રોકડ રકમ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ સમગ્ર લૂંટ વીથ મર્ડર પ્રકરણમાં શહેરના મેઘાણીનગરના ત્રણ આરોપીઓ અને ઉત્તરપ્રદેશના શાર્પશૂટરની સંડોવણી ખુલવા પામતા ચકચાર મચી ગઇ હતી. એટલું જ નહી, લૂંટની ઘટનાનો સમગ્ર પ્લાન ૨૦૧૬માં કોન્સ્ટેબલના ભાઇની હત્યાના આરોપી રાજુ મારવાડીએ બનાવ્યો હોવાની વાત પણ પોલીસ તપાસમાં સામે આવી છે. આ સમગ્ર પ્રકરણમાં હજુ બે આરોપીઓ નાસતા ફરે છે, જેઓને પકડવાની દિશામાં ક્રાઇમબ્રાંચની તપાસ જારી રખાઇ છે. શહેર ક્રાઇમબ્રાંચના જેસીપી જે.કે.ભટ્ટે આ અંગે જણાવ્યું હતું કે, આ લૂંટ વીથ મર્ડરના ગુનામાં આરોપીઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલુ એક બાઇક મેઘાણીનગર વિસ્તારમાંથી કબ્જે કરી હાથ ધરેલી તપાસમાં મેઘાણીનગર વિસ્તારના આરોપી શખ્સો રાજુ મારવાડી, પ્રકાશ મારવાડી, કિરીટ ચૌહાણ અને રજનીશ કનોજિયાના નામો સામે આવ્યા હતા. છેલ્લા કેટલાક દિવસોની ભારે જહેમત બાદ આખરે ક્રાઇમબ્રાંચે આ ચાર આરોપીઓ અને ઉત્તરપ્રદેશના શાર્પશૂટર આસુ યાદવ સહિત પાંચ આરોપીઓને ઝડપી લીધા હતા અને પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, લૂંટનો સમગ્ર પ્લાન રાજુ મારવાડીએ બનાવ્યો હતો, જે માટે તેમણે માણેકચોકથી લઇ આશ્રમરોડ સુધી કેટલાય દિવસો સુધી રેકી કરી હતી. આ ઘટનાને અંજામ આપવા માટે ઉત્તરપ્રદેશથી ખાસ શાર્પશૂટર આસુ યાદવ સહિત ચાર આરોપીઓને બોલાવાયા હતા. બનાવના દિવસે આંગડિયા પેઢીના કર્મચારી અરવિંદભાઇ બોલેરો કારમાંથી ઉતર્યા અને માત્ર સાત જ મિનિટમાં આરોપીઓએ ફાયરીંગ કરી લૂંટ વીથ મર્ડરની ઘટનાને અંજામ આપી દીધો હતો અને ફરાર થઇ ગયા હતા. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ શહેરની રતનપોળમાં આવેલી પટેલ અંબાલાલ હરગોવિંદદાસ આંગડિયા પેઢીમાં કામ કરતા કર્મચારી અરવિંદભાઇ પટેલ(ઉ.વ.૫૦) વહેલી સવારે ૭-૦૦ વાગ્યાની આસપાસ આંગડિયાનો થેલો લઇ મહેસાણા-પાલનપુર જવા માટે નીકળ્યા હતા ત્યારે આશ્રમરોડ પર ગુજરાત વિદ્યાપીઠ પાસે મહેસાણા-પાલનપુર જવાના એસટી બસ સ્ટેન્ડ નજીક ઉભા હતા. અરવિંદભાઇ એસટી બસની રાહ જોઇને ઉભા હતા ત્યારે અચાનક જ બે બાઇક પર હેલ્મેટ પહેરીને આવેલા ચાર અજાણ્યા શખ્સોએ પહેલા હવામાં બે રાઉન્ડ ફાયરીંગ કરી અરવિંદભાઇ પાસેથી થેલો ઝુંટવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ અરવિંદભાઇએ હાથમાં થેલો છોડયો ન હતો, તેથી ઉશ્કેરાયેલા લૂંટારુ શખ્સોએ તેમની પાસેના રિવોલ્વર જેવા હથિયારમાંથી તેમના પર પોઇન્ટ બ્લેન્ક રેજન્થી ફાયરીંગ કર્યું હતું. એક પછી એક એમ ત્રણ ગોળીઓ ધરબાઇ જતાં અરવિંદભાઇ ત્યાં જ લોહીલુહાણ હાલતમાં ફસડાઇ પડયા હતા અને લુંટારાઓ રૂ.૫.૧૦ની રોકડ ભરેલો થેલો ઝુંટવી નાસી છૂટયા હતા.

### કિંમતોમાં ૧૫ ટકા સુધીનો વધારો થઇ શકે

# હાફુસ-કેસર કેરીના ભાવ ઉંચા રહેવાના સાફ સંકેત

### હવામાનમાં વારંવાર ફેરફાર, કમોસમી વરસાદ જેવા પરિબળના લીધે ઉત્પાદન ૩૦ ટકાથી વધુ ઘટવાની વકી

અમદાવાદ,તા. ૨૧

કેરીના શોખીન લોકોને આ ગરમીની સિઝનમાં વધુ નાણા ચુકવવાની ફરજ પડી શકે છે. કારણ કે, હાફુસ અને કેસર કેરી આ સિઝનમાં વધારે મોંઘી રહી શકે છે. વારંવાર હવામાનમાં પલટાના પરિણામ સ્વરુપે ઉત્પાદનમાં ૩૦ ટકા સુધીનો ઘટાડો થઇ ચુક્યો છે. ગયા વર્ષે આ હાફુસ સિઝનની શરૂઆતમાં ૮૦૦ રૂપિયા પ્રતિ ૨૦ કિલોના ભાવે વેચાઈ હતી અને મોડેથી પ્રતિ ૨૦ કિલોનો ભાવ ૭૦૦ રૂપિયા રહ્યો હતો. આવી જ રીતે કેસર કેરીનો ભાવ પ્રતિ ૨૦ કિલો ૭૫૦ રૂપિયા અને મોડેથી આનો ભાવ પ્રતિ ૨૦ કિલો ૫૫૦ રૂપિયા રહ્યો હતો. શિયાળામાં કમોસમી વરસાદ, ભારે ડ્યુની સ્થિતિ અને ઓછી ગરમીના પરિણામ સ્વરુપે ભારે નુકસાન થયું છે. ઉત્પાદનમાં ૩૦ ટકાનો ઘટાડો થઇ ચુક્યો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં કેરીના ઉત્પાદનમાં ૩૦ ટકાનો ઘટાડો થઇ ચુક્યો છે. ગયા વર્ષે ગુજરાતમાં ૧૪ લાખ ટન હાફુસ કેરીનું ઉત્પાદન કરનાર વલસાડ જિલ્લામાં નવેમ્બર, ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં કમોસમી વરસાદના લીધે અસર થઇ છે. નવસારી એગ્રિકલ્ચર યુનિવર્સિટીના ઇન્ચાર્જ ડીકે શર્માનું કહેવું છે કે, આ વખતે ઉત્પાદન ઓછું રહ્યું છે. દક્ષિણ ગુજરાતમાં કેરીનું મોટાપાયે ઉત્પાદન કરવામાં આવે છે. નવેમ્બર મહિનામાં ૬૫-૭૦ મીમી કમોસમી વરસાદ થયો હતો. કેરીના ઝાડ ઉપર મોર આવવાની શરૂઆત થાય તે પહેલા આ સ્થિતિ સર્જાઈ હતી. આની સીધી અસર થઇ હતી અને ઉત્પાદનમાં ઘટાડો થયો છે. આ ઉપરાંતતાપમાનમાં એકાએક વધારો પણ થયો હતો જેના પરિણામ સ્વરુપે ફ્લાઉરિંગમાં મુશ્કેલી પડી હતી. એવું પણ જાણવા મળી રહ્યું છે કે, ઉત્પાદનમાં આ વખતે ૩૦ ટકાનો ઘટાડો રહી શકે છે. વલસાડમાં પારડીના કેરી ખેડૂતનું કહેવું છે કે, ગયા વર્ષે સારો પાક થયો હતો પરંતુ આ સિઝનમાં હવામાનના લીધે ૨૫થી ૩૦ ટકાનો ઘટાડો થયો છે. વલસાડ જિલ્લામાં આ વખતે ૩૪૦૦૦ હેક્ટર જમીનમાં કેરીનો પાક થયો છે. ગયા વર્ષે હાફુસની સ્થિતિ ખુબ સારી રહી હતી. આ વર્ષે સામાન્ય લોકોને ૧૫ ટકા વધુ કિંમત ચુકવવી પડશે. કેસર માટે લોકપ્રિય ગીરમાં કેરીનું ઉત્પાદન ગયા વર્ષની સરખામણીમાં ૩૩૦૦૦ મેટ્રિક ટન સુધી ઘટી શકે છે. આવી સ્થિતિમાં આ વખતે કેરીના શોખીન લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે અને વધારે નાણાં ચુકવવાની ફરજ પડશે. રવિની સિઝન શરૂ થઇ ચુકી છે અને બજારમાં મોટાપાયે કેરીનું આગમન થોડાક દિવસમાં થનાર છે ત્યારે આ અંગેના સમાચાર આવ્યા છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે આ અંગેના અહેવાલ પ્રકાશિત કર્યા બાદ કેસર કેરીના શોખીન લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે.

યુનેસ્કો દ્વારા ૧૯૯૯ના વર્ષથી ૨૧ માર્ચને 'વિશ્વ કવિતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. સદીઓ પુરાણા ગુજરાતી કાવ્યસાગરની પૂરી સફર કરવી લગભગ અશક્ય છે પણ તેના કિનારે બેસીને છબબિયાં તો માણી જ શકાય ને? ચાલો, આજે ગુજરાતના કેટલાક કવિઓની ચુનંદા અમર રચનાઓનો લુત્ફ ઉઠાવીએ....

આજની ઘડી રળિયામણી રે, મારો વહાલોજી આવ્યાની વધામણી જી રે...

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે...

આદ્ય કવિ નરસિંહ મહેતા (ઈ.સ. ૧૫મી સદી)

સમજણ વિના રે સુખ નહિ જંતને રે, વસ્તુગતિ કેમ કરી ઓળખાય? સમજણ વિના રે જે સાધન કરે રે, તેણે કાંઇ જીવપણું નવ જાય...

અખો (૧૭મી સદીનો પૂર્વાર્ધ)

અનુભવીને એકલું આનંદમાં રહેવું રે, ભજવા શ્રી પરિબ્રહ્મ, બીજું કાંઇ ના કહેવું રે, અનુભવીને. અવર કોઇના આતમાને દુઃખના દેવું રે, સુખ દુઃખ જ્યારે આવી પડે ત્યારે સહીને રહેવું રે...

મૂળદાસ (૧૮મી સદીનો પૂર્વાર્ધ)

મેરુ રે ડગે જેનાં મન નો ડગે, મરને ભાંગી રે પડે ભરમાંડ રે. વિપદ પડે પણ વણસે નહિ ઈ તો હરિજનનાં પરમાણ રે...

ગંગાસતી (૧૮મી સદીનો ઉત્તરાર્ધ)

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને : પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતું નામ લેવું જોને...

પ્રીતમ (૧૭૧૮-૧૭૯૮)

શાંતિ પમાડે એને સંત કહીએ : એના દાસના તે દાસ થઈને રહીએ રે...

બાપુ ગાયકવાડ (૧૭૭૭-૧૮૪૩)

ચિત્ત તું શીદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે : ત્હારું ધાર્યું થાતું હોય તો, સુખ સંચે દુઃખ હરે....

દયારામ (૧૭૭૦-૧૮૫૩)

જાગે જે કોઇ ધનનો ધણી, જાગે જેને ચિન્તા ઘણી : જાગે રાત અંધારી ચોર, જાગે ઘન વરસતો મોર....

શામળ (૧૮મી સદી)

મનરૂપી ઘોડો, જેને વેગ નથી થોડો જેનો જટે નહિ જોડો, એવો દોડયો જાય તે દૂર...

દલપતરામ (૧૮૨૦-૧૮૯૮)

: જય જય ગરવી ગુજરાત દીપે અરુણું પરભાત...ઉત્તરમાં અંબામાત પૂરવમાં કાળી માત...

: ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું વેણ કાઢયું કે ના લટવું ના લટવું...સમજીને પગલું મૂકવું મૂકી ને ના બીવું...

નર્મદ (૧૮૩૩-૧૮૮૧)

જ્યાં જ્યાં નજર મ્હારી ઠરે યાદી ભરી ત્યાં આપની : આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની...

કલાપી (૧૮૭૪-૧૯૦૦)

જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત : જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત!

અરદેશર ખબરદાર (૧૮૮૧-૧૯૫૩)

તમારા પગ મહીં જ્યારે પડયો છું, હું સમજ્યો એમ-આકાશે ચડયો છું...જતાંને આવતાં મારે જ રસ્તે બની પથ્થર, હું પોતાને નડયો છું...

શયદા (૧૮૯૨-૧૯૬૨)

લાગ્યો મને કસુંબીનો રંગ-રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ : જનનીના હૈયામાં પોઢતા પોઢતા પીધો કસુંબીનો રંગ...

ઝવેરચંદ મેઘાણી (૧૮૯૬-૧૯૪૭)

મને સમજાતું નથી કે એવું શાને થાય છે, ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે...

કરસનદાસ માણેક (૧૯૦૧-૧૯૭૮)

આ પૂનમની ચમકે ચાંદની, એને કોણ રોકે? કાંઇ સાયર છલક્યો જાય, કે એને કોણ ટોકે...

સ્નેહરશ્મિ (૧૯૦૩-૧૯૭૧)

પ્રશંસામાં નથી હોતી કે નિંદામાં નથી હોતી : મજા જે હોય છે ચૂપમાં, તે ચર્ચામાં નથી હોતી...

'આસિમ' રાંદેરી (૧૯૦૪-૨૦૦૯)

તું હૃદયે વસનારી તું હૃદયે વસનારી, ઘટ ઘટ ભીતર નરતનહારી...

સુદરમ્ (૧૯૦૮-૧૯૯૧)

દિવસો જુદાઇના જાય છે, એ જશે મિલન સુધી, મને હાથ ઝાલીને લઇ જશે હવે શત્રુઓ જ સ્વજનો સુધી...

ગની દહીંવાળા (૧૯૦૮-૧૯૮૭)

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા, જંગલની કુંજ કુંજ જોવી હતી...

ઉમાશંકર જોશી (૧૯૧૧-૧૯૮૮)

માડી! તારું કંકુ ખર્યુંને સૂરજ ઉગ્યો, જગ માથે જાણે પ્રભુતાએ પગ મૂક્યો...

અવિનાશ વ્યાસ (૧૯૧૧-૧૯૮૪)

અમે ધારી નહોતી એવી અણધારી કરી લીધી, અજાણી આંખડીએ ચોટ ગોઝારી કરી લીધી...

અમૃત ઘાયલ (૧૯૧૫-૨૦૦૨)

...મોતની વેળાએ આ ઐયાશી નથી ગમતી 'મરીઝ' હું પથારી પર રહું અને ઘર આખું જાગ્યા કરે...

મરીઝ (૧૯૧૭-૧૯૮૩)

અમારી જિંદગીનો આ સીધો પરિચય છે, રુદનમાં વાસ્તિક્તા છે-ને હસવામાં અભિનય છે...

સૈફ પાલનપુરી (૧૯૨૩-૧૯૮૦)

ખુદા તારી કસોટીની પ્રથા સારી હોતી નથી, સારા હોય છે તેની દશા સારી હોતી નથી...

બરકત વીરાણી 'બેફામ' (૧૩-૧૯૯૪)

ધરો ધીરજ વધુ પડતો પ્રણય સારો હોતો નથી, અતિ વરસાદ કૈં ખેડૂતોને પ્યારો હોતો નથી...

શેખાદમ આબુવાલા (૧૯૨૩-૧૯૮૫)

પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા, જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ, એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યા...

# બોર્ડ પરીક્ષા : ૧૦ ગણિતની પરીક્ષા ફરીથી લેવા માંગણી

અમદાવાદ,તા. ૨૧

ધોરણ-૧૦ના ગણિત વિષયની ગઇકાલે લેવાયેલી પરીક્ષામાં ગણિતનું પ્રશ્નપત્ર બહુ અઘરું અને વિચિત્ર પેપર સ્ટાઇલમાં નીકળતાં વિદ્યાર્થીઓને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો હતો, તો વાલીઓ પણ તેમના સંતાનોની પરીક્ષા બગડતા ઉંડા આઘાતમાં સરી પડયા હતા. ગઇકાલે જ વિદ્યાર્થીઓ અને વાલીઓએ બોર્ડ સત્તાવાળાઓની આવી ગંભીર ચૂકને લઇ ઉગ્ર આક્રોશ ઠાલવ્યો હતો. બીજીબાજુ, આજે ખુદ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યોએ વિદ્યાર્થીઓ અને વાલીઓના હિતમાં આગળ આવી બોર્ડના અધ્યક્ષને લેખિતમાં પત્ર પાઠવી ધોરણ-૧૦ના ગણિત વિષયની પરીક્ષા ફરીથી લેવા ઉગ્ર માંગણી કરી છે. બોર્ડના સદસ્ય ડો.પ્રિયવદન બારોટ અને ડો.નિદત બારોટે બોર્ડને પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓની કારકિર્દી માટે બોર્ડની પરીક્ષાનું વર્ષ મહત્વનું હોઇ બોર્ડ તરફથી થયેલી ભૂલ ગંભીરતાથી લેવાવી જોઇએ, બોર્ડની ભૂલનો ભોગ નિર્દોષ વિદ્યાર્થીઓ બનવા જોઇએ નહી. બોર્ડના સદસ્યો દ્વારા પત્રમાં એવી પણ માંગ કરી છે કે, બોર્ડ સત્તાધીશોએ આ સમગ્ર મામલે તાત્કાલિક અસરથી વિષય નિષ્ણાતોનો અભિપ્રાય મેળવી ગઇકાલે લેવાયેલી ધોરણ-૧૦ના ગણિત વિષયની પરીક્ષા જરૂર પડયે રદ કરી તે ફરીથી લેવાની વ્યવસ્થા કરવી જોઇએ. બોર્ડના સદસ્ય ડો.પ્રિયવદન બારોટ અને ડો.નિદત બારોટે વધુમાં જણાવ્યું છે કે, બોર્ડની એ જવાબદારી હોય છે કે, વિદ્યાર્થીઓને જે પ્રમાણે તૈયારી કરવાનું શાળાઓ દ્વારા માર્ગદર્શન અપાયું હોય તેને અનુરૂપ મૂલ્યાંકન માટે પ્રશ્નપત્ર તૈયાર થવુ જોઇએ. પ્રશ્નપત્ર તૈયાર કરવામાં મુખ્ય સિધ્ધાંત એ હોય છે કે, પ્રશ્નપત્રમાં પ્રશ્નનો ક્રમ સરળથી કઠિન તરફ હોવો જોઇએ કે જેથી વિદ્યાર્થી પરીક્ષા આપે તો તે શરૂઆતમાં સરળ પ્રશ્નો પૂછાયા હોવાથી પૂર્ણ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શકે. પરંતુ ગઇકાલે લેવાયેલી ગણિતની પરીક્ષામાં આનાથી તદ્દન વિપરીત વ્યવસ્થા જોવા મળી હતી. સમગ્ર પ્રશ્નપત્રમાં બ્લુ પ્રિન્ટ મુજબ, કોઇ ધારાધોરણ જળવાયા નથી. પ્રકરણ પ્રમાણે પ્રશ્નોના ગુણભાર પણ જળવાયા નથી. સેક્શન-એ જે પ્રમાણમાં સરળ હોવું જોઇએ તેના બદલે સૌથી વધુ અઘરૂ અને કઠિન હતું. નાના બાળકોના માનસ પર અત્યંત વિપરીત અને હતાશાભરી અસર પડતાં તેઓ આગળના સરળ પ્રશ્નો પણ સારી રીતે લખી શકયા નથી તેવી વ્યાપક ફરિયાદો અનેક શાળાઓના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓએ કરી છે ત્યારે બોર્ડ તરફથી આ ભૂલને ગંભીરતાથી લઇ ધોરણ-૧૦ના ગણિત વિષયની પરીક્ષા બોર્ડ સત્તાવાળાઓએ ફરીથી લેવાની વ્યવસ્થા કરવી જોઇએ. દરમ્યાન ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા પણ ધોરણ-૧૦ના ગણિત વિષયના અઘરા પ્રશ્નપત્રને લઇ બોર્ડના અધ્યક્ષને પત્ર પાઠવી માંગણી કરવામાં આવી છે કે, વિદ્યાર્થીઓને અન્યાય ના થાય તે માટે શકય હોય તો ગણિત વિષયની પરીક્ષા ફરીથી લેવી જોઇએ અથવા વિદ્યાર્થીઓને ગ્રેસીંગ માર્ક્સ આપી તેમનું વર્ષ ના બગડે તેનું ધ્યાન રાખવું જોઇએ. મહામંડળ દ્વારા ગણિતનું અઘરૂ પેપર કાઢવા માટે જવાબદાર પેપર સેટર કોઇ ખાનગી ટયુશન કલાસીસ કે ખાનગી પ્રકાશન સાથે સંકળાયેલા છે કે કેમ તેની પણ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા ઉગ્ર માંગ કરવામાં આવી છે.



મહેસાણાના દબંગ મહિલા dysp બતાઈ દબંગાઈ Dysp મંજિતા વણઝારા એ આરોપીઓ નું જાહેરમાં નીકળ્યું સરઘસ આરોપીઓને હાથે દોરડાં બાંધી કડી ના જાહેર માર્ગો પર નીકળ્યું સરઘસ જે વિસ્તારમાં હુમલો થયો હતો તે વિસ્તારમાંથી નીકળ્યું સરઘસ.

### ભારતનું સ્પોર્ટસ શુઝ માર્કેટ ૨૨ હજાર કરોડનું છે

# ગ્રાહકોને કયા પ્રકારના શુઝ જોઇએ છે તે સમજણ જરૂરી

## ટેનીસ સ્ટાર ભુપતિની ઝેવેન કંપની દ્વારા સ્પોર્ટસ શુઝની આકર્ષક અને આશ્ચર્યજનક બ્રાન્ડ લોન્ચ કરવામાં આવી

અમદાવાદ,તા. ૨૧

જાણીતા ટેનિસ સ્ટાર મહેશ ભુપતિથી અને હેમેચંદ્ર ઝવેરી જેના સ્થાપક છે તે અગ્રણી ઝેવેન કંપની દ્વારા આજે શહેરમાં સ્પોર્ટસ શુઝની આકર્ષ અને આશ્ચર્યજનક એકટીઝ બ્રાન્ડ સહિતની વિશાળ રેન્જ લોન્ચ કરવામાં આવી હતી. આ પ્રસંગે ઝેવેનના ચીફ ઓપરેટીંગ ઓફિસર અંશુલ વ્યાસે જણાવ્યું હતું કે, ભારતમાં સ્પોર્ટસ શુઝ માર્કેટ અંદાજે રૂ.૨૨ હજાર કરોડનું છે અને આ ક્ષેત્રમાં વિપુલ તકો અને સંશોધનને અવકાશ છે ત્યારે સામાન્ય, મધ્યમવર્ગ અને હાઇકલાસ વર્ગને ધ્યાનમાં રાખીને ઝેવેન દ્વારા વર્લ્ડકલાસ કવોલિટીવાળા શુઝની શ્રેણી લોન્ચ કરી છે. આજે કોઇપણ વ્યકિત શુઝની દુકાનમાં જઇને સ્પોર્ટસ શુઝ માંગે છે પરંતુ અમે ગ્રાહકોને એ સમજ આપી રહ્યા છે કે, તેને કયા પ્રકારના ખાસ શુઝ જોઇએ છે ? એટલે કે, ક્રિકેટ શુઝ, રન શુઝ, ટેનીસ શુઝ, એથ્લીટ શુઝ કે વુમન શુઝ એ ચોક્કસ શ્રેણીમાંથી કયા પ્રકારના શુઝ ગ્રાહક ખરીદવા ઇચ્છે છે. કારણ કે, દરેક શ્રેણીનું આગવુ મહત્વ હોય છે, જે ગ્રાહકની પસંદગીવાળી રમતની સાથે સાથે જીવનશૈલી પર પણ બહુ મોટો પ્રભાવ પાડી શકે છે અને તે જરૂરી પણ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ભારતમાં શુઝનું માર્કેટ આટલું મોટુ હોવાછતાં હજુ વર્લ્ડકલાસ હાઇકવોલિટી ટેકનોલોજી અહીં ઉપલબ્ધ નહી હોવાથી ઝેવેન દ્વારા તેના શુઝની શ્રેણીઓનું ડિઝાઇનીંગ અહીં દેશમાં થાય છે પરંતુ ઉત્પાદન ચાઇનામાં થાય છે. ઝેવેનના શુઝ શ્રેણીઓની આગવી વિશેષતા એ છે કે, તેમાં ગ્રાહકના પગમાં મોજા વિના પહેરવાથી વળતા પરસેવાના નિકાલથી લઇ, તેને પગમાં થાક ના લાગે, તે ગમે તેવી સ્થિતિમાં સ્લીપ ના થઇ જાય, તેને શુઝનું એટલું વજન ના લાગે, પગમાં પહેરવાની અનુકૂળતા રહે સહિતની તમામ ઝીણી અને બારીક બાબતોનું ધ્યાન રાખીને શુઝ તૈયાર કરવામાં આવે છે. જેમાં સામાન્ય અને મધ્યમવર્ગને પણ ધ્યાનમાં રાખીને તેઓને પણ પોષાય તેવી કિંમતે સ્પોર્ટસ શુઝની શ્રેણીમાં વર્લ્ડકલાસ પૂરી પાડવા ઝેવેન કટિબધ્ધ છે. ઝેવેનના સીઓઓ અંશુલ વ્યાસે ઉમેર્યું કે, મહિલાઓ અને યુવતી માટે લાઇટવેટ શ્રેણીમાં માત્ર ૧૨૦ ગ્રામ વજનના શુઝ કે જે પગમાં પહેરો તો ખબરેય ના પડે અને તેમછતાં બહુ આકર્ષક અને સ્ટાઇલીશ લાગે તેવી સ્ટ્રેચેબલ શ્રેણી પણ ઝેવેને વિકસાવી છે. ઝેવેન ટોપ બ્રાન્ડ કંપનીઓની માફક જ વર્લ્ડકલાસ કવોલિટીના સ્પોર્ટસ શુઝ આપવા કટિબધ્ધ છે તેમછતાં તેની કિંમત તમામ વર્ગને પોષાય તે રીતે માત્ર રૂ.૨૨૦૦થી રૂ.૩૪૦૦ની વચ્ચે રાખવામાં આવી છે. આ વર્ષના અંત સુધીમાં ઝેવેન દ્વારા ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં તેના રિટેઇલ આઉટલેટ શરૂ કરાશે. અત્યારે ઝેવેન ૫૮ સ્ટાઇલમાં વિશાળ શ્રેણી ગ્રાહકોને આપી રહી છે પરંતુ આ વર્ષ સુધીમાં તે ૮૧ સ્ટાઇલને આવરી લેશે. ઉલ્લેખનીય છે કે, ઝેવેન એ આઇપીએલની રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને ઓલ ઇન્ડિયા ટેનીસ એસોસીએશનની ઓફિશીયલ કીટ પાર્ટનર છે, તો, ઇન્ડિયા સુપર લીગમાં તે ઓફિશીયલ ફેન મર્ચેન્ડાઇઝર છે. આ પ્રસંગે ગુજરાતના બિઝનેસ હેડ દિપક પટેલ પણ હાજર રહ્યા હતા. ઝેવેન હાલ નવ રાજયોમાં વિસ્તરણ કરી ચૂકી છે અને દેશમાં તેના ૪૫૦થી ડોરસ્ટેપ છે.

### અમદાવાદમાં પારો ગગડીને ૩૪.૬ ડિગ્રી થયો

# અમદાવાદ સહિત રાજ્યમાં મહત્તમ તાપમાન ફરી ઘટ્યું

## હવામાન વિભાગની આગાહી છતાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થઇ રહ્યો છે :અમદાવાદમાં આજે પારો ૩૫ રહેશે

અમદાવાદ,તા. ૨૧

અમદાવાદ સહિત રાજયના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આજે રાજયના કોઇપણ વિસ્તારમાં પારો ૩૫થી ઉપર પહોંચ્યો ન હતો. ઘણી જગ્યાએ તો મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થઇ ગયો હતો. બે ડિગ્રીથી પણ વધુનો ઘટાડો નોંધાયો છે. જો કે, હવામાન વિભાગ તરફથી પોતાની આગાહીમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. આગામી બે ત્રણ દિવસ સુધી લઘુત્તમ-મહત્તમ તાપમાનમાં કોઇ ફેરફાર નહીં થવાની આગાહી વચ્ચે અમદાવાદ સહિત રાજયભરમાં ગરમીના પ્રમાણમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. અમદાવાદમાં પારો ગઇકાલની સરખામણીમાં આજે ઘટ્યો હતો અને પારો ૩૪.૬ સુધી પહોંચ્યો હતો. રાજયના કેટલાક ભાગોમાં પારો ૩૫થી ઉપર રહ્યો હતો જેમાં કંડલા એરપોર્ટમાં ૩૬, અમરેલીમાં ૩૫.૫, સુરતમાં ૩૫ અને મહુવામાં ૩૫ ડિગ્રી સુધી પારો રહ્યો હતો. અમદાવાદ સહિત રાજયભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઇન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઇ રહ્યો છે. એકબાજુ પાણીની તકલીફ પહેલાથી જ અનુભવાઇ રહી છે ત્યારે આ વખતે ગરમી વધુ વધવાના સંકેત દેખાઇ રહ્યા છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદ શહેરમાં આવતીકાલે મંગળવારના દિવસે ગરમીનું પ્રમાણ વધી શકે છે અને પારો ૩૬ સુધી રહી શકે છે. આગામી બે દિવસ દરમિયાન મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં કોઇ ફેરફાર થવાની શક્યતા નહીવત દેખાઇ રહી છે. તમામ જગ્યાઓ ઉપર હવે પંખા અને એસીનો ઉપયોગ થવા લાગી ગયો છે. હાલમાં નિચલી સપાટી પર ઉત્તર-પશ્ચિમી પવનો ફુકાઇ રહ્યા છે. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ તીવ્ર ગરમીનો અનુભવ થવાની શક્યતા જાણકાર લોકો વ્યક્ત કરી રહ્યા છે. બપોરે ગરમીનો અનુભવ થઇ રહ્યો છે. આજે અમદાવાદમાં પારો ઘટીને ૩૪.૬ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. રાજયના અનેક ભાગોમાં પારો આજે વધ્યો હતો. મહત્તમ તાપમાનમાં વધારો થયો હતો. સૌથી વધુ ગરમીનો અનુભવ કંડલા એરપોર્ટ થયો હતો જ્યાં પારો ૩૬ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. લોકો વધતા જાતા તાપમાન કારણે પરેશાન થયેલા છે ત્યારે આજે મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. આવતીકાલે અમદાવાદમાં પારો ૩૫ની આસપાસ રહી શકે છે. હાલમાં બે ત્રણ દિવસ સુધી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા ઓછી દેખાઇ રહી છે. આજે વડોદરામાં પારો ૩૪.૭ સુધી પહોંચ્યો હતો જયારે નલિયામાં ૩૦.૪, ભુજમાં ૩૪, અમરેલીમાં ૩૫.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું. ગાંધીનગરમાં આજે પારો મહત્તમ તાપમાનમાં ૩૪.૨ ડિગ્રી રહ્યું હતું.

### પંજાબ નેશનલ બેંકના હજારો કરોડના કૌભાંડ બાદ

# એન્ફા લાગુ કરવાની કેન્દ્રની તજવીજ સામે સીએ નારાજ

## સીએ દ્વારા કાળી પટ્ટી ધારણ કરી વિરોધ કરાયો : કોર્પોરેટ મંત્રાલયના રિજિયોનલ ડાયરેકટરને આવેદનપત્ર સુપરત

અમદાવાદ,તા. ૨૧

પંજાબ નેશનલ બેંકના હજારો કરોડના કૌભાંડ બાદ કેન્દ્ર સરકાર અને તેની એજન્સીઓ દ્વારા નીરવ મોદી, મેહુલ ચોકસી જેવા ડિફોલ્ટરો સામે સબક સમાન કાર્યવાહી કરવાના બદલે દોષનો ટોપલો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ પર ઢોળવાના પ્રયાસની તેમ જ સીએ પર ગાળિયો કસતી નેશનલ ફાયનાન્સીયલ રિપોર્ટીંગ ઓથોરીટી(એન્ફા)ની જોગવાઇઓ લાગુ કરવાની કેન્દ્ર સરકાર દ્વારા થઇ રહેલી તજવીજના વિરોધમાં આજે અમદાવાદ શહેરમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ દ્વારા ધી ટેક્સ પેયર્સ પ્રોટેકશન કાઉન્સીલ, જાગેગા ગુજરાત સંઘર્ષ સમિતિના નેજા હેઠળ સીએ આલમ દ્વારા વિરોધદર્શક કાર્યક્રમ યોજાયો હતો. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ દ્વારા હાથ પર કાળી પટ્ટી ધારણ કરી કેન્દ્ર સરકારની સરમુખત્યારશાહીનો વિરોધ કરાયો હતો. દરમ્યાન આજે સાંજે ટેક્સ પેયર્સ પ્રોટેકશન કાઉન્સીલના પ્રવકતા અને જાગેગા ગુજરાત સંઘર્ષ સમિતિના પ્રમુખ પ્રકાશ કાપડિયા, જનરલ સેક્રેટરી રોહિત પટેલ(એડવોકેટ) સહિતના અગ્રણીઓના પ્રતિનિધિમંડળ દ્વારા કોર્પોરેટ મંત્રાલયના રિજિયોનલ ડાયરેકટરને એક વિસ્તૃત આવેદનપત્ર પણ સુપ્રત કરવામાં આવ્યું હતું. પ્રતિનિધિમંડળ તરફથી આ આવેદનપત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય નાણાંમંત્રી, ગુજરાતના રાજયપાલ, મુખ્યમંત્રી સહિતના સંબંધિત સત્તાવાળાઓને પણ પાઠવવામાં આવ્યું હતું. ટેક્સ પેયર્સ પ્રોટેકશન કાઉન્સીલના પ્રવકતા અને જાગેગા ગુજરાત સંઘર્ષ સમિતિના પ્રમુખ પ્રકાશ કાપડિયા, જનરલ સેક્રેટરી રોહિત પટેલે આ અંગે જણાવ્યું હતું કે, પંજાબ નેશનલ બેંક સહિતની બેંકોમાં વીલફુલ ડિફોલ્ટરો દ્વારા હજારો કરોડના કૌભાંડો આચર્યા બાદ હવે દેશની બેંકોમાં લોકોના માનસપટ પર એવો ડર પેસી ગયો છે કે, તેમની મહેનત પરસેવાની કમાણી હવે બેંકોમાં પણ સલામત નથી. કારણ કે, બેંકોમાં વીમાકવચ હેઠળ થાપણદારોને માત્ર એક લાખનું જ વીમાકવચ છે, જે વધારી દસ લાખ કરવા અમે વર્ષોથી માંગણી કરી છે અને ખુદ આરબીઆઇએ ૨૦૧૪માં તે વધારવાની હૈયાધારણ આપી હોવાછતાં આજદિન સુધી તે અંગે કોઇ નિર્ણય લેવાયો નથી. જેના કારણે આજે દેશની બેંકોમાં પ્રજાના નાણાં સલવાયા છે. બીજીબાજુ, નીરવ મોદી, વિજય માલ્યા, મેહુલ ચોકસી જેવા ડિફોલ્ટરો હજારો કરોડની લોન લઇ વિદેશ ભાગી જાય છે અને દોષનો ટોપલો સીએ પર ઢોળી દેવાનો પ્રયાસ થાય છે. પીએનબી કૌભાંડ બાદ કેન્દ્ર સરકાર પોતાનો દોષનો ટોપલો બીજાની પર ઢોળવા અને વિષયથી ધ્યાન ભટકાવવા માટે હવે એન્ફાની જોગવાઇઓ કે જેમાં સીએ પર ગાળિયો કસવાની વાત છે તે લાગુ કરવાની તજવીજ હાથ ધરી રહી છે, જેને લઇ ગુજરાત સહિત દેશભરના સીએ આલમમાં ઉગ્ર રોષ અને વિરોધની લાગણી ફેલાઇ છે. ટેક્સ પેયર્સ પ્રોટેકશન કાઉન્સીલના પ્રવકતા પ્રમુખ પ્રકાશ કાપડિયા અને જનરલ સેક્રેટરી રોહિત પટેલે ઉમેર્યું હતું કે, ખુદ આરબીઆઇએ ૨૦૧૬માં બેકીંગ સીસ્ટમની સલામતી માટે સ્વીફ્ટ સીસ્ટમ અને સીબીએસ સીસ્ટમને લીંક કરવા સૂચના આપી હોવાછતાં તે લીંક નહી કરાતાં પંજાબ નેશનલ બેંકના કૌભાંડ જેવા મોટા કૌભાંડો આચરાયા, આવા તમામ કૌભાંડોની જવાબદારી કેન્દ્ર સરકાર, નાણાં મંત્રાલય અને આરબીઆઇના ગવર્નરની બને છે. થાપણદારોના હિતમાં અને તેઓની જીવનભરની મૂડીની સલામતી માટે આગામી દિવસોમાં આ સમગ્ર મામલે રાજયવ્યાપી આંદોલનની ચીમકી પણ તેમણે ઉચ્ચારી હતી.

### રાજ્યભરમાં વિશ્વ જળ દિવસની ભવ્ય ઉજવણી

# નેચર ફોર વોટરની થીમ સાથે ગાંધીનગરમાં ઉજવણી કરાઈ

## જલ સંરક્ષણ અભિયાન-ડ્યુઅલ ફલશ સિસ્ટમ રૂપાણી લોંચ કરશે:૧૫૦ મહિલા પાણી સમિતિને સન્માન અપાશે

અમદાવાદ,તા.૨૧

મુખ્યમંત્રી વિજય રૂપાણી આવતીકાલ ગુરૂવાર, તા. ૨૨ માર્ચે વિશ્વ જળ દિવસની રાજયકક્ષાની ઉજવણીનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવશે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૧૯૯૩થી સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૨૨ માર્ચને વિશ્વ જળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ લોકોને પાણી બચાવવા માટે પ્રેરણા આપવાનો વિષય રાખવામાં આવ્યો છે. ૨૧મી સદીમાં પાણીના પડકારોનો સામનો કરવા માટે કુદરત-આધારિત ઉકેલ લાવવાના ધ્યેય સાથે પાણીનો વધુ પડતો બગાડ અટકાવવો તેમજ હાલના જળ સંસાધનોનો ઉચિત ઉપયોગ કરવા વિષયે ગુરૂવારે વિશ્વ જળ દિવસની ઉજવણીમાં સામૂહિક ચિંતન-મનન થશે. મુખ્યમંત્રી આવતીકાલે સવારે ૯/૩૦ કલાકે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓડિટોરિયમમાં આ કાર્યક્રમમાં પ્રારંભ કરાવશે. પાણી પુરવઠા રાજયમંત્રી પરબતભાઈ પટેલ આ ઉજવણીમાં જોડાશે. વિજય રૂપાણી આ અવસરે જળસંરક્ષણ માટે જનઅભિયાન તેમજ પાણીના કરકસરયુક્ત ઉપયોગ માટે ડ્યૂઅલ ફલશ સિસ્ટમ લોન્ચીંગ કરાવવાના છે. મુખ્યમંત્રી રાજયમાં લોકભાગીદારી અને લોકવ્યવસ્થાપનથી ગ્રામીણ ક્ષેત્રે કાર્યરત પાણી સમિતિઓનું સુચારૂ સંચાલન અને સાધનોની મરામત નિભાવણી કરતી ૧૫૦ મહિલા પાણી સમિતિઓને પુરસ્કારથી સન્માનિત કરશે. વિશ્વ જળ દિવસના આ રાજયકક્ષાના કાર્યક્રમનું આયોજન વાસ્મો, પાણી પુરવઠા, વન પર્યાવરણ અને શહેરી વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે.

## શહેરમાં બે જગ્યાએ આગના બનાવો : વિઠ્ઠલવાડી-રસાલા કેમ્પમાં આગ

ભાવનગર,તા.૨૧

શહેરના વિઠ્ઠલવાડી વિસ્તારમાં આવેલા એક ભંગારના ડેલામાં આગ લાગવાની ઘટના સામે આવી છે. બુધવારે સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ના સમયગાળા દરમિયાન આગ લાગવાની ઘટના બની હતી. ઘટનાની જાણ થતા ફાયર ફાઇટરની બે ગાડીઓ ઘટના સ્થળે પહોંચીને આગને કાબૂમાં લીધી હતી. વિઠ્ઠલવાડીના ઉદ્યોગનગરમાં દરગાહ પાસે આવેલા એક ભંગારના ડેલામાં આગ લાગી હતી.

ભંગારના ડેલામાં ખુલ્લી જગ્યામાં રહેલા લાકડા, પ્લાસ્ટિક અને ઓઇલ ફિલ્ટરનો કચરામાં આગ લાગી હતી. જો કે આ અંગે કોઇ જાનહાનિ તેમજ નુકસાન થઇ થઇ હોવાનું જાણવા મળ્યું નથી. આ સિવાય શહેરના રસાલા કેમ્પ સંત કંવરરામ ચોક પાસે એક રહેણાકી મકાનમાં ૧૧:૪૫ કલાકે છઝના બોર્ડમા આગ લાગવાની ઘટના સામે આવી હતી. જ્યાં ફાયર ફાઇટરની ટીમ પહોંચીને પ્રાથમિક કામગીરીથી આગ પર કાબૂ મેળવ્યો હતો.

# ગુજરાતીઓ ધંધો બંધ કરી દેશે તો મુંબઈ કેવી રીતે ચાલશે ? ઠાકરે ને એક ગુજરાતીએ આપ્યો કડક જવાબ...

પ્રિય રાજ ઠાકરે, તમે મને પસંદ છો, કારણ તમે લડાયક છો, પણ મને લાગે છે કે તમારી અંદર સિસ્ટમ સામે જે ગુસ્સો છે, તે તમે ખોટી રીતે અને ખોટી જગ્યાએ વ્યક્ત કરી રહ્યા છો. એક મરાઠી માણુસ લડાયક હોય તે મને ગમે છે, કારણ હું પણ જન્મે મરાઠી છું. જોકે, હું ગુજરાતમાં રહું છું, જન્મે મરાઠી અને કર્મે ગુજરાતી છું. મરાઠી ભાષી હોવા છતાં હું ગુજરાતમાં આઠમી પેઢી છું. મારા દાદા અને મારા પિતાનું શિક્ષણ ગુજરાતી ભાષામાં થયું અને હું પણ ગુજરાતી માધ્યમમાં જ ભણ્યો છું મને મારી બન્ને ભાષાનું ગૌરવ છે. એટલે જ તો હું મારા પાળતુ કૂતરા સાથે પહેલા મરાઠીમાં અને પછી ગુજરાતીમાં વાત કરું છું. મને ક્યારેય કૂતરા સાથે અંગ્રેજી ભાષામાં વાત કરવાની જરૂરી પડી નથી અને મને તે પસંદ પણ નથી.

હવે મૂળ વાત ઉપર આવું ૧૯૬૦ સુધી તો તમે અને હું એક જ રાજ્યમાં રહેતા હતા. તમારા પૂર્વજોએ મહારાષ્ટ્રમાં રહેવાનું પસંદ કર્યું અને મારા પૂર્વજો ગુજરાતમાં રહ્યા.

હું ગુજરાતમાં જન્મ્યો અને અહીં જ મોટો થયો, એટલે મને ખબર છે કે એક એક ગુજરાતીના લોહીમાં વેપાર છે. ગુજરાતી શ્રીનગરમાં પણ બરફ વેચવાની ક્ષમતા ધરાવે છે.

મને પોતાનો પણ અનેક વખત વેપાર કરવાનો વિચાર આવ્યો, પણ સાચું કહું તો હું તેમાં ક્યારેય સફળ થયો જ નથી, કદાચ મારા ડીએનએમાં જ વેપાર નહોતો.

મુંબઈ દેશની આર્થિક રાજધાની છે, તેની પાછળ ગુજરાતીઓનો ફાળો નકારી શકાય તેમ નથી. તમારી પહેલાં બાલાસાહેબની નારાજગી ગુજરાતીઓ સામે હતી અને તે હવે તમારી છે.

તમને લાગે છે કે ગુજરાતીઓને કારણે મરાઠીઓના ધંધા ચાલતા નથી, પણ મને ખબર છે કે તમે ઈશ્વરમાં ભરોસો કરનાર વ્યકિત છો. ઈશ્વર દરેકને પોતાની ક્ષમતા પ્રમાણે કામ આપે છે, મરાઠી માણુસ મહેનતકશ ઈન્સાન છે. તે પહાડમાં માથું પછાડી પાણી કાઢી શકે છે, જ્યારે ગુજરાતી માણસ ટકલાંઓના શહેરમાં કાંસકા વેચી શકે છે. આપણે જયારે પાકિસ્તાન સામે લડીએ છીએ, ત્યારે આપણે ભારતીય થઈ જઈએ છે, પણ વાત જયારે ભારતની આવે ત્યારે તમે મરાઠી અને હું ગુજરાતી થઈ જઈએ તે ક્યાં સુધી વાજબી છે? મુંબઈમાં ગુજરાતી વેપાર કરે છે, તેના કારણે તમે ગુસ્સે છો. તો ચાલો આપણે નક્કી કરીએ કે એક મહિના સુધી મુંબઈમાં રહેનાર ગુજરાતીઓ કોઈ પણ પ્રકારનો વેપાર કરશે નહીં. પછી આપણે જોઈએ કે દેશની આર્થિક રાજધાની કઈ રીતે ટકી રહે છે.

દેશના નેતાઓએ પોતાની સમજ અને સમયની માંગ પ્રમાણે ગુજરાત અને મહારાષ્ટ્રને અલગ કર્યા, પણ મને લાગે છે, આપણે એક જ માતાનાં સંતાન છીએ.એક જ ધરતીમાં મારો અને તમારો ઉછેર થયો છે. તમારા અને તમારા જેવી વિચારધારા ધરાવતા લોકો ક્યારેય ગુજરાતી અને મરાઠીને અલગ કરી શકે તેમ નથી.

જો ગુજરાતીઓ મુંબઈ છોડી દેશે તો તમારે મારા જેવા મરાઠી ભાષીઓ જે ગુજરાતમાં રહે છે, તેની વ્યવસ્થા મુંબઈમાં કરવી પડશે. અમે ત્યાં આવી જઇશું, પણ અમને વેપાર આવડતો નથી. હું મરાઠી હોવા છતાં મારી જિંદગીમાં એક જ વખત મુંબઈ આવ્યો છું. મને મુંબઈ આવવાની અનેક વખત ઈચ્છા થઈ હોવા છતાં મેં મુંબઈ આવવાનું ટાળ્યું છે.

કારણ જ્યાં તમારા જેવા માણસો પ્રેમને બદલે ધિક્કારની ભાષા બોલતા હોય, તેવી મુંબઈમાં સમુદ્ર હોય, સમૃદ્ધિ હોય, પણ શાંતિનો અભાવ હોય અને મન બેચેન હોય, ત્યાં રહેવું કોઈ પણ સુસંસ્કૃત માણસને પાલવે તેમ નથી. હું મરાઠી હોવા છતાં એક ગુજરાતી પત્રકાર છું. જયારે પણ મને પ્રેમ કરનાર વાચક અથવા મિત્રોને ખબર પડે છે કે, મારી માતૃભાષા મરાઠી નથી ત્યારે તેમને બહુ આશ્ચર્ય થાય છે. તેઓ મને પહેલો પ્રશ્ન પૂછે કે મહારાષ્ટ્રમાં તમારું વતન કયું છે. ત્યારે હું જવાબ આપું છું, મારું વતન અમરેલી છે. અમરેલી ગુજરાતના સૌરાષ્ટ્રનો એક જિલ્લો છે. મારી ઉંમર ૫૧ વર્ષ છે, પણ મને યાદ નથી કે મને ૫૧ વ્યકિતએ પણ મને હું કઈ જાતનો છું તેવો પ્રશ્ન પૂછ્યો હોય.

મારો જવાબ સાંભળી મને અનેક ગુજરાતીઓએ પૂછ્યું કે અમરેલીમાં મરાઠી કયાંથી હોય. ગુજરાતમાં મોટા ભાગના લોકોને ખબર નથી કે ગુજરાતના નવસારીથી લઈ વડોદરા, અમરેલી અને મહેસાણામાં ગાયકવાડ રાજ્યનું શાસન હતું. આજે પણ આ વિસ્તારમાં અનેક મરાઠી પરિવાર રહે છે. હું નાનો હતો ત્યારે અમરેલીની સ્કૂલમાં ભણતો અને હાલમાં અમદાવાદમાં પત્રકારત્વ કરું છું, પણ મને કયારેય મરાઠી ભાષી હોવાને કારણે કોઈ ગુજરાતીએ પરેશાન કર્યો હોય તેવું બન્યું નથી. હું ગુજરાતી પત્રકાર છું, એક ગુજરાતી કરતા વધુ સારી ગુજરાતી બોલું છું અને લખું છું. તેના પાછળનું કારણ એ છે કે જેમ મરાઠી ભાષા મને પોતાની લાગી તેના કરતા ગુજરાતી ભાષા મને પોતાની સગી લાગી છે. તેના કારણે કોઈ મને પૂછે કે તમે મરાઠી છો કે ગુજરાતી ત્યારે હું એક પણ ક્ષણનો વિચાર કર્યા વગર કહું છું કે હું સવાયો ગુજરાતી છું. કારણ મને વિચાર અને સ્વપ્ન ગુજરાતીમાંથી જ આવે છે. મારે મન ગુજરાતી અને મરાઠી ભાષા મારી બે આંખ સમાન છે. માણસ એક આંખ વગર અધૂરો છે, તેમ હું મારી મરાઠી અને ગુજરાતી ભાષા વિના અધૂરો છું.

તમે રાજનેતા છો, અને હું એક સામાન્ય ગુજરાતી પત્રકાર છું. હું મરાઠી છું, તેમ મારી જેમ ગુજરાતમાં હજારો મરાઠીઓ ગુજરાતમાં રહે છે. પણ મારી માતૃભાષા મરાઠી હોવાને કારણે મને અથવા મારા જેવા મરાઠીઓને કોઈ ગુજરાતીએ કયારેય અપમાનિત કર્યા નથી અથવા તમે મહારાષ્ટ્ર જતા રહો તેવું કોઈ ગુજરાતીએ કહ્યું નથી.

જો તેવું ગુજરાતમાં થયું હોત તો ગુજરાતને કયારેય કાકા સાહેબ કાલેલકર જેવા જન્મે મરાઠી અને ગુજરાતીના શ્રેષ્ઠ સાહિત્યકાર મળ્યા ના હોત. દેશની પ્રથમ લોકસભાના અધ્યક્ષ ગણેશ માળવણંકર પણ અમદાવાદના ભદ્રમાં રહેતા હતા, પણ તેમને કોઈ ગુજરાતીએ કયારેય મરાઠીભાષી કહી ટોણો માર્યો નહોતો. ગણેશ માવણંકરના પુત્ર પુરુષોત્તમ ગણેશ માવણંકર પણ ગુજરાતમાંથી અપક્ષ ઉમેદવાર તરીકે લોકસભામાં ચૂંટાઈ આવ્યા હતા. ગુજરાતી જયારે કોઈને પ્રેમ કરે છે ત્યારે તેના ધર્મ અને પ્રદેશને પૂછીને પ્રેમ કરતો નથી. મારી વાતનો એક વખત વિચાર કરજો, તમે બદલાઈ શકો તો બદલાવાનો પ્રયત્ન કરજો, નહીંતર સમય સમયનું કામ કરે છે. તમારી ગેહહાજરીમાં પણ તમને માણસો પ્રેમ કરે તેવું કંઈક કરો તેવી જ અભ્યર્થના છે. મરાઠી ભાષા બોલતો એક સવાયો ગુજરાતી

-પ્રશાંત દયાળ

### મહિલાઓમાં પ્રેરણા આપવાનું સામર્થ્ય છે : ચુડાસમા

# આત્મવિશ્વાસ, ઈશ્વર પ્રતિ શ્રદ્ધા સફળતાનું સાચુ રહસ્યઃ કોહલી

## દિવ્યાંગ ખેલાડીઓને ખેલ પ્રતિભા પુરસ્કાર અર્પણ કરાયા અરુણિમા સિંહાના પુસ્તક વિશ્વાસનું એવરેસ્ટનું લોકાર્પણ

અમદાવાદ,તા.૨૧

વિશ્વની સૌ પ્રથમ દિવ્યાંગ મહિલા પર્વતારોહક પદ્મશ્રી અરુણિમા સિન્હાના આત્મકથાનક પુસ્તક વિશ્વાસનું એવરેસ્ટનું રાજ્યપાલ ઓપી કોહલીએ રાજભવન, ગાંધીનગર ખાતે લોકાર્પણ કર્યું હતું. વર્ષ-૨૦૧૧માં દુર્ઘટનામાં સુશ્રી અરુણિમા સિન્હાએ પોતાનો એક પગ ગુમાવ્યો હતો. ત્યાર બાદ કૃત્રિમ પગની મદદથી વર્ષ-૨૦૧૩માં તેમણે એવરેસ્ટ સર કર્યો હતો. એટલું જ નહીં વિશ્વના સૌથી ઉંચા શિખરો પૈકીના છ શિખરો પણ સર કરી લીધા છે. રાજ્યપાલ ઓપી કોહલી પદ્મશ્રી અરુણિમા સિન્હાને અસાધારણ સંકલ્પશક્તિનું જીવંત-મૂતિમંત પ્રતિક ગણાવતાં કહ્યું હતું કે, આપણી સામે શારીરિક અક્ષમતા ધરાવતી મહિલાઓએ પોતાના અડગ મનોબળથી અપાર યોગ્યતા હાંસલ કરીને ઇતિહાસમાં પોતાના નામ અમર કર્યા હોય એવા હેલન કેલર જેવા ઘણા ઉદાહરણો છે. અરુણિમા સિન્હાએ પણ અતુલ્ય સાહસ અને બુલંદ આત્મવિશ્વાસથી આવી મહિલાઓની યાદીમાં પોતાનું નામ આલેખાવ્યું છે. સ્વામી વિવેકાનંદજીના વિચારોને ટાંકતા રાજ્યપાલ ઓ પી કોહલીએ કહ્યું હતું કે, પોતાની જાતમાં અને ઈશ્વર પર વિશ્વાસ જ મહાનતાનું રહસ્ય છે. વ્યક્તિ શારીરિક બળ અને આત્મબળથી સફળતા મેળવે છે. તેમાં પણ શારીરિક બળની મર્યાદા હોય છે, પરંતુ આત્મબળની કોઈ સીમા નથી. અરુણિમા સિન્હા આત્મબળનું પ્રેરણાદાયી પ્રતિક છે. વ્યક્તિના વિકાસમાં તેના પરિવારના સકારાત્મક યોગદાનનું પણ સવિશેષ મહત્વ છે, એમ કહીને રાજ્યપાલ ઓ પી કોહલીએ જણાવ્યું હતું કે, પરિવારમાં બાળકોને પ્રોત્સાહિત કરવાને બદલે હતોત્સાહિત કરવામાં આવે છે. વારંવાર ટોકવામાં આવે છે. બાળકો પ્રત્યેનો નકારાત્મક અભિગમ તેમનો વિકાસ અવરોધે છે. સકારાત્મક પરિવારિક વાતાવરણ જ અરૂણિમા સિન્હા જેવા સંતાનો પેદા કરી શકે છે. યોદ્ધા જેવું જુજારૂ વ્યક્તિત્વ ધરાવતી દીકરી અરુણીમા સિન્હાએ પ્રતિકુળતાઓ વચ્ચે પણ પ્રબળ આકાંક્ષાથી પરિસ્થિતિ પર વિજય હાંસલ કર્યો છે. પદ્મશ્રી અરુણિમા સિન્હાએ આત્મકથાનક સમુ પુસ્તક લખ્યું છે. અંગ્રેજી ભાષામાં લખાયેલા આ પુસ્તકનો સુધાબેન મહેતાએ ગુજરાતી ભાષામાં વિશ્વાસનું એવરેસ્ટ વિષય સાથે અનુવાદ કર્યો છે. ગુર્જર પ્રકાશને આ પુસ્તક પ્રકાશિત કર્યું છે. રાજ્યપાલ ઓ પી કોહલીએ આ પુસ્તકનું લોકાર્પણ કરતાં કહ્યું હતું કે, અરૂણિમા સિન્હાના પ્રેરણાદાયી વ્યક્તિત્વનું આલેખન કરતું આ પુસ્તક ભારતની તમામ પ્રાદેશિક ભાષાઓમાં અનુવાદીય થવું જોઈએ. શ્રેષ્ઠ પુસ્તકોનો પ્રાદેશિક ભાષાઓમાં અનુવાદ થાય તો તે અખિલ ભારતીય ઓળખ પ્રસ્થાપિત કરી શકે. ગુજરાત સ્પોર્ટસ ઓથોરિટી દ્વારા દિવ્યાંગ ખેલાડીઓને ખેલ પ્રતિભા પુરસ્કાર એનાયત કરાય છે. રાજ્યપાલ ઓ પી કોહલીના વરદ હસ્તે સાઈની ગોમ્સને ૪,૯૫,૦૦૦નો પુરસ્કાર, જગદીશભાઈ વશરામજી ઠાકોરને ૪ લાખ, કવિ સવદાસભાઈ ચાવડાને ૪ લાખ તથા પુરીબેન બબુભાઈ ઠાકોર, ઉષા રામજી ઠાકોર ભારતીબેન વિરાભાઈ સૂંઢીયા, સુદ રોહિત પુનિત, અબ્દુલ રઝાક સફીક અહેમદ વોરા અને નિકીતા રતિલાલ વણસોલાને દિવ્યાંગ ખેલ પ્રતિભા પુરસ્કાર એનાયત કરાયા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.